# પ્રભાત

તંત્રી : આશિષ કોઠારી • Dt. : 10-05-2026 • Sunday • Samvat : 2082 • Vaishakh Vad-09 • Vol : 97 • No. : 127 • Page : 8 • Price : 2.00 | • Prabhat-Ahmedabad * RNI No. 1815/57



સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

સોમનાથ
અનંત ઉર્જાનો અનુભવ


सोमलिङ्गं नरो दृष्ट्वा सर्वपापैः प्रमुच्यते।
लभते फलं मनोवाञ्छितं मृतः स्वर्गं समाश्रयेत्॥

# સોમનાથ
## વિરાસતના ૭૫ વર્ષ

સોમનાથ ભારતની અજેય સંસ્કૃતિનું પ્રતીક છે. ૧૦૦૦ વર્ષના વિનાશકારી પ્રહારો બાદ પણ સોમનાથ
આજે આપણાં આત્મ-સન્માન અને સાહસનું ઉદાહરણ બની ઊભું છે

૭૫ વર્ષ પહેલાં લોહપુરુષ સરદાર વલ્લભભાઇ પટેલના સંકલ્પના કારણે આધુનિક સોમનાથનો માર્ગ પ્રશસ્ત થયો

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં આજે આ પાવન ભૂમિ ભારતના
સાંસ્કૃતિક પુનરુત્થાનનો ઉદ્ઘોષ કરી રહી છે



## આ સ્વર્ણિમ અવસરના સાક્ષી બનો

### મુખ્ય કાર્યક્રમો

કળશ યાત્રા | ભજન સંધ્યા | ઓમકાર મંત્રના જાપ
સોમનાથ પુસ્તિકામાં મંત્રલેખન | સોમનાથ સાથે જોડાયેલી કથાઓનું વાંચન

“ સોમનાથ આશાનું એ ગીત જે આપણને શીખવાડે છે કે
વિનાશની શક્તિ કરતાં સર્જનની શક્તિ ખૂબ જ પ્રબળ હોય છે. ”

શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાન (અધ્યક્ષ, શ્રી સોમનાથ ટ્રસ્ટ)

**શ્રી સોમનાથ મંદિર પરિસર, પ્રભાસ પાટણ | ૮થી ૧૧ મે, ૨૦૨૬**

“ સોમનાથની પવિત્ર ભૂમિ પર ‘વિરાસતના ૭૫ વર્ષ’ની ઉજવણી આપણી
સનાતન શક્તિ અને અતૂટ રાષ્ટ્રીય સંકલ્પના વિજયનું જીવંત પ્રતિબિંબ છે. ”

શ્રી હર્ષ સંઘવી, માનનીય નાયબ મુખ્યમંત્રી



સોમનાથની દિવ્યતા અને ભવ્યતામાં યોગદાન આપો અને
ગૌરવશાળી ઇતિહાસનો ભાગ બનો.

**સ્કેન કરો.**

# માતૃત્વની સારવારના ખર્ચમાં વધારો થતા મહિલાઓના આરોગ્ય સંબંધિત ક્લેઈમમાં ઝડપી વૃદ્ધિ: કેર હેલ્થ ઈન્શ્યોરન્સનો અહેવાલ

ભારતમાં માતૃત્વ આરોગ્યસંભાળ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ પરિવર્તન જોવા મળી રહ્યું છે, જેમાં પહેલાં કરતાં વધુ મહિલાઓ ઔપચારિક અને સંસ્થાગત આરોગ્યસેવાઓનો લાભ લઈ રહી છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના આંકડા અનુસાર, હાલમાં ૮૮થી ૯૦ ટકા કરતાં વધુ બાળજન્મ સંસ્થાગત માધ્યમથી થઈ રહ્યા છે, જ્યારે ૨૦૨૩-૨૪ દરમિયાન સંસ્થાગત ડિલિવરીનો હિસ્સો ૯૭.૩ ટકા સુધી પહોંચી ગયો હતો. આથી સ્પષ્ટ થાય છે કે હોસ્પિટલ આધારિત માતૃત્વ સંભાળ તરફનું વલણ સતત મજબૂત બની રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં રજૂ કરાયેલા સરકારી આંકડા મુજબ, ૨૦૨૪-૨૫ દરમિયાન ભારતમાં નોંધાયેલા કુલ જન્મોમાંથી ૨૭ ટકા કરતાં વધુ ડિલિવરી સિઝેરિયન (C-section) પદ્ધતિથી થઈ હતી, જે વધુ તબીબી દેખરેખ અને ગહન સારવાર આધારિત માતૃત્વ કાળજી તરફ વધતા વલણને વધુ મજબૂત બનાવે છે.

આ પરિસ્થિતિ વચ્ચે, કેર હેલ્થ ઈન્શ્યોરન્સે મહિલાઓના આરોગ્ય સંબંધિત ઈન્શ્યોરન્સ ક્લેઈમમાં સ્પષ્ટ વધારો નોંધાવ્યો છે, જે માત્ર સંખ્યામાં જ નહીં પરંતુ ખર્ચની દ્રષ્ટિએ પણ નોંધપાત્ર છે. નાણાંકીય વર્ષ ૨૦૨૫થી નાણાંકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન મહિલાઓના હેલ્થ ઈન્શ્યોરન્સ ક્લેઈમમાં ૩૭ ટકાનો વધારો નોંધાયો હતો, જ્યારે ૨૦થી ૪૦ વર્ષનું વયજૂથ આ વૃદ્ધિનું મુખ્ય કારણ બની રહ્યું છે અને આ સમયગાળા દરમિયાન તેમાં ૨૫ ટકાનો વધારો થયો હતો.

તે જ સમયે, માતૃત્વ સંબંધિત ક્લેઈમ વધુ ખર્ચાળ બનતા જઈ રહ્યા છે. ટિયર-૨ અને ટિયર-૩ શહેરો હવે કુલ ક્લેઈમમાં વધુ મોટો હિસ્સો ધરાવે છે અને કંપનીને નોંધાયેલા તમામ મેટરનિટી ક્લેઈમમાંથી ૬૦ ટકા ક્લેઈમ આ શહેરોમાંથી આવ્યા છે.

માતૃત્વ સંબંધિત વયપ્રોફાઈલમાં પણ બદલાવ જોવા મળી રહ્યો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન ૩૫ વર્ષથી વધુ વયની મહિલાઓનો કુલ મેટરનિટી ક્લેઈમમાં ૧૨ ટકાનો હિસ્સો રહ્યો હતો, જે અગાઉના વર્ષોની સરખામણીએ વધુ અને સતત વધતો રહ્યો છે. આ વયજૂથનો કુલ ક્લેઈમ રકમમાં ૧૮ ટકાનો ફાળો રહ્યો હતો, જે મોટી ઉંમરે થતી ગર્ભાવસ્થાઓ સાથે જોડાયેલા વધારાના સારવાર ખર્ચને દર્શાવે છે.

છેલ્લા બે વર્ષમાં કુલ મેટરનિટી ક્લેઈમ ખર્ચમાં ૨૫ ટકાનો વધારો નોંધાયો છે. જોકે ક્લેઈમની સંખ્યામાં થોડો ફેરફાર જોવા મળ્યો હતો, તેમ છતાં દરેક કેસ દીઠ ખર્ચમાં વધારો થતો હોવાનો સંકેત મળી રહ્યો છે.

ડિલિવરી પ્રક્રિયા વધુ સંસ્થાગત અને કાર્યક્ષમ બનતી હોવા છતાં, માતૃત્વ સંભાળ માટે પાંચ દિવસની અંદર હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ થતી મહિલાઓનો હિસ્સો નાણાંકીય વર્ષ ૨૦૨૪ના ૭૫ ટકાથી વધીને નાણાંકીય વર્ષ ૨૦૨૬માં ૮૨ ટકા થયો છે. તેમ છતાં, હોસ્પિટલમાં ઓછો સમય રહેવા છતાં સારવાર ખર્ચમાં કોઈ ઘટાડો થયો નથી. કંપનીએ માતૃત્વ સારવારના ખર્ચમાં સતત વૃદ્ધિનો ટ્રેન્ડ નોંધાવ્યો છે.

આ તમામ ટ્રેન્ડ્સ મળીને મેટરનલ હેલ્થકેર ક્ષેત્રમાં માળખાકીય પરિવર્તન દર્શાવે છે, જેમાં વધતી ખર્ચ તીવ્રતા અને બદલાતી સારવાર પદ્ધતિઓના કારણે આર્થિક જોખમમાં વધારો થઈ રહ્યો છે. આ નિષ્કર્ષોને વ્યાપક જાહેર આરોગ્ય સંબંધિત આંકડા પણ સમર્થન આપે છે, જે દર્શાવે છે કે ભારતમાં બહુમતી મહિલાઓ સત્તાવાર ગર્ભાવસ્થા પૂર્વેની આરોગ્યસેવાઓનો લાભ લઈ રહી છે, પરંતુ હજુ પણ ચારમાંથી ત્રણ મહિલાઓમાં આહારમાં જરૂરી આયર્નનું પૂરતું પ્રમાણ નથી મળતું. આ પરિસ્થિતિ માતૃત્વ સમયગાળાથી આગળ વધીને લાંબા ગાળાની પોષણ સંબંધિત ખામીઓ અને આરોગ્ય જોખમોને ઉજાગર કરે છે.

આ નિષ્કર્ષ અંગે કેર હેલ્થ ઈન્શ્યોરન્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને ચીફ બિઝનેસ ઓફિસર મનીષ દોડેજાએ જણાવ્યું હતું કે, ''મહિલાઓના હેલ્થ ઈન્શ્યોરન્સ ક્લેઈમ હવે માત્ર સીધી રેખામાં વધતા નથી, પરંતુ તેની સંખ્યા અને ખર્ચ બંનેમાં વધારો થઈ રહ્યો છે. મેટરનલ હેલ્થકેર ક્ષેત્રમાં સ્પષ્ટ પરિવર્તન જોવા મળી રહ્યું છે અને સારવાર ખર્ચ સતત વધી રહ્યો છે. સારવારની પ્રક્રિયાઓ વધુ કાર્યક્ષમ બનતી હોવા છતાં, મેટરનલ હેલ્થકેર સાથે જોડાયેલ આર્થિક જોખમ વધી રહ્યું છે. આ માત્ર સેવાઓના ઉપયોગમાં વધારાનો ટ્રેન્ડ નથી, પરંતુ મહિલાઓ આજે આરોગ્યસેવાઓ કેવી રીતે પ્રાપ્ત કરે છે અને તેનો અનુભવ કરે છે તેમાં થઈ રહેલા વ્યાપક પરિવર્તનનું પ્રતિબિંબ છે. તેથી વ્યક્તિઓ માટે સમયાંતરે તેમના હેલ્થ ઈન્શ્યોરન્સ કવરનું પુનર્મૂલ્યાંકન કરવું મહત્વપૂર્ણ છે, જેથી તે બદલાતી જરૂરિયાતો સાથે સુસંગત રહી શકે.''

મેટરનલ હેલ્થકેર વધુ ઔપચારિક અને સંસ્થાગત બનતી જઈ રહી છે અને તેની સેવાઓનો ઉપયોગ પણ વધી રહ્યો છે ત્યારે પૂરતું અને સમયસર હેલ્થ ઈન્શ્યોરન્સ કવર ઉપલબ્ધ હોવું આર્થિક જોખમને સંભાળવા અને સતત આરોગ્યસંભાળ સુનિશ્ચિત કરવા માટે અત્યંત મહત્વપૂર્ણ બની રહ્યું છે.

## LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાના હોમ એપ્લાયન્સીસ પોર્ટફોલિયોનું વિસ્તરણ

LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડ (LGE ઈન્ડિયા) એ આજે તેની ૨૦૨૬ હોમ એપ્લાયન્સીસ રેન્જ લોન્ચ કરી છે. કિફાયતી-પ્રીમિયમ અને પ્રીમિયમ એમ બંને સેગમેન્ટમાં લોન્ચ કરવામાં આવેલી આ નવી રેન્જ, વિશ્વાસપાત્ર ન્ય ટેકનોલોજીને વધુ ભારતીય પરિવારો સુધી પહોંચાડવાની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવે છે. આ નવી રેન્જ ભારતીય ગ્રાહકોની જરૂરિયાતોના તમામ પાસાઓને ધ્યાનમાં રાખીને ઝીણવટપૂર્વક તૈયાર કરવામાં આવી છે, જે આધુનિક ડિઝાઈન સાથેના શ્રેષ્ઠ અનુભવો અને ભારતીય પરિવારો માટે ભરોસાપાત્ર તેમજ સુલભ ટેકનોલોજી વચ્ચેના અંતરને દૂર કરે છે.

૨૦૨૬ની રેન્જના વિસ્તારના ભાગરૂપે, ન્ય્ઈ ઈન્ડિયાએ ઓક્ટોબર ૨૦૨૫ માં લોન્ચ કરાયેલી તેની કિફાયતી-પ્રીમિયમ 'એસેન્શિયલ સિરીઝ'નો વ્યાપ વધાર્યો છે. આ નવી શ્રેણીમાં હોમ એપ્લાયન્સીસની વધુ ડિઝાઈન્સ, કેપેસિટી અને વિવિધ કિંમતો રજૂ કરવામાં આવી છે, જે ગ્રાહકોના વિશાળ વર્ગની જરૂરિયાતો પૂરી કરશે. આ પ્રયાસનો મુખ્ય ઉદ્દેશ્ય LG ઈન્ડિયાના ''હર ઘર એપ્લાયન્સીસ, હર ઘર હેપ્પીનેસ'' ના લક્ષ્યને સાકાર કરવાનો છે.

આ લોન્ચિંગ પર ટિપ્પણી કરતા LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયા લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર મિસ્ટર હોંગ જુ જેઓનએ જણાવ્યું હતું કે, ''ભારત LG ઈલેક્ટ્રોનિક્સ માટે એક વ્યૂહાત્મક વિકાસ બજાર છે અને અમારી પ્રતિબદ્ધતા માત્ર વ્યાપ વધારવા પૂરતી સીમિત નથી, પરંતુ તે ભારતીય જીવનશૈલીને અનુરૂપ અર્થપૂર્ણ ટેકનોલોજી અને વિશેષતાઓ પ્રદાન કરવા વિશે છે. પોર્ટફોલિયોનો આ વિસ્તાર દરેક કેટેગરીમાં તે વિચારધારાને પ્રતિબિંબિત કરે છે. અમારી તાજેતરમાં લોન્ચ થયેલી એસેન્શિયલ સિરીઝ અને પ્રીમિયમ એપ્લાયન્સીસ રેન્જ બંનેના વિસ્તાર સાથે, અમે દરેક ભારતીય પરિવારની જરૂરિયાતોને પૂરી કરવા માટે વિવિધ કિંમત શ્રેણી અને આકાંક્ષી વર્ગોમાં શ્રેષ્ઠતાના નવા ધોરણો સ્થાપિત કરી રહ્યા છીએ. 'મેક-ઈન-ઈન્ડિયા' અને 'મેક-ફોર-ઈન્ડિયા' પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતાને વધુ મજબૂત કરવાની સાથે, અમે એસેન્શિયલ સિરીઝને એશિયા, મિડલ ઈસ્ટ અને આફ્રિકાના ૨૨ દેશોમાં નિકાસ કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય પણ રાખ્યું છે. આનાથી LG ઈલેક્ટ્રોનિક્સ ઈન્ડિયાની ઉત્પાદન ક્ષમતાનો લાભ મળશે અને અમારા 'મેક-ઈન્ડિયા-ગ્લોબલ' લક્ષ્યને વધુ વેગ મળશે''.

## વનપ્લસ એ રજૂ કરી ઓલ- ન્યૂ Nord CE6 સિરીઝ

ગ્લોબલ ટેકનોલોજી બ્રાન્ડ વનપ્લસે આજે સત્તાવાર રીતે ભારતમાં તદ્દન નવા OnePlus Nord CE6 અને OnePlus Nord CE6 Lite લોન્ચ કર્યા છે. પરફોર્મન્સ, ગેમિંગ, બેટરી લાઈફ, ઈમેજિંગ અને સોફ્ટવેર ક્ષેત્રે શક્તિશાળી અનુભવ આપવા માટે રચાયેલ આ Nord CE6 સિરીઝ ફ્લેગશિપ પ્રેરિત ઈનોવેશનને લાંબા સમય સુધી ચાલતી વિશ્વસનીયતા અને મનોરંજન સાથે જોડે છે.

વનપ્લસ Nord CE6નું વેચાણ ૮ મે, ૨૦૨૬ ના રોજ બપોરે ૧૨ વાગ્યાથી શરૂ થશે, જ્યારે વનપ્લસ Nord CE6 Liteનું વેચાણ ૧૨ મે, ૨૦૨૬ના રોજ બપોરે ૧૨ વાગ્યાથી શરૂ થશે.

OnePlus Nord CE6 એક "ઓલ-રાઉન્ડ બીસ્ટ" છે જે એવા યુઝર્સ માટે બનાવવામાં આવ્યું છે જેઓ શ્રેષ્ઠ પરફોર્મન્સ અને મજબૂતી ઈચ્છે છે. Snapdragon 7s Gen 4 મોબાઈલ પ્લેટફોર્મ દ્વારા સંચાલિત, તે 144FPS ગેમિંગ અને ૬ કલાક સુધી સતત BGMI પ્લે પૂરો પાડે છે. OnePlus ૧૫ સિરીઝમાંથી લેવામાં આવેલી ડેડિકેટેડ ટચ રિફ્લેક્સ ચિપ આ સેગમેન્ટમાં સૌથી ઝડપી 3200Hz ટચ સેમ્પલિંગ રેટ સુનિશ્ચિત કરે છે.

તેની ૬.૭૮-ઈંચની 1.5K AMOLED ડિસ્પ્લે 144Hz રિફ્રેશ રેટ, ડ્યુઅલ સ્ટીરિયો સ્પીકર્સ (૩૦૦% અલ્ટ્રા વોલ્યુમ) અને Aqua Touch 2.0 સાથે ઈમર્સિવ કંટ્રોલ આપે છે, જે હાર્ડવેર-લેવલ બ્લુ લાઈટ અને ફ્લિકર ફિલ્ટરિંગ દ્વારા સુરક્ષિત છે. તેની પ્રચંડ 8000mAh બેટરી ૨.૫ દિવસથી વધુનો વપરાશ, 80W SUPERVOOC ફાસ્ટ ચાર્જિંગ, ઓલ-સિનેરિયો બાયપાસ ચાર્જિંગ અને ૨૭૩ વાયર્ડ રિવર્સ ચાર્જિંગની સુવિધા આપે છે.

ફોટોગ્રાફી માટે તેમાં 50MP ડ્યુઅલ-એક્સિસ OIS મેઈન કેમેરા અને 32MP ઓટોફોકસ સેલ્ફી કેમેરા છે. OxygenOS 16 પર ચાલતો આ ફોન છ વર્ષ સુધી ફાસ્ટ અને સ્મૂથ પરફોર્મન્સની ગેરંટી આપે છે. ટકાઉપણાની બાબતમાં તે IP66/68/69/69K રેટિંગ્સ, MIL-STD-810H સર્ટિફિકેશન અને કોર્નિંગ ગોરિલા ગ્લાસ વિક્ટસ+ની સમકક્ષ ક્રિસ્ટલ ગાર્ડ ગ્લાસ પ્રોટેક્શન ધરાવે છે.

## યશરાજ ભારતી સન્માન: ગ્રામીણ જીવનમાં પરિવર્તન લાવવા બદલ ગુજરાતની સંસ્થા ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સિક્યોરિટી સન્માનિત કરાઈ

અમદાવાદ/આણંદ,

ગુજરાત રાજ્યના આણંદ ખાતે મુખ્ય મથક ધરાવતી સંસ્થા ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સિક્યોરિટી (FES)ને ભારતભરમાં ટકાઉ વિકાસ, ઈકોલોજીકલ રિસ્ટોરેશન અને ગ્રામીણ આજીવિકાને મજબૂત કરવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપવા બદલ ટ્રાન્સફોર્મિંગ પીપલ્સ લાઈવ્સ કેટેગરી હેઠળ પ્રતિષ્ઠિત યશરાજ ભારતી સન્માન ૨૦૨૬થી સન્માનિત કરવામાં આવી છે.

શ્રી સુબ્રત સિંહ દ્વારા પ્રતિનિધિત્વ પામેલી આ સંસ્થાને ૩ મે, ૨૦૨૬ના રોજ મુંબઈના દ્રઝઇ સ્થિત જમશેદ ભાભા થિયેટર ખાતે યોજાયેલ યશરાજ ભારતી સન્માન ૨૦૨૬ કૃતજ્ઞતા સમારંભમાં સન્માનિત કરવામાં આવી હતી. આ સન્માન ઉત્તર પ્રદેશના રાજ્યપાલ માનનીય શ્રીમતી આનંદીબેન પટેલ અને નોબેલ પારિતોષિક વિજેતા પ્રોફેસર અભિજીત વી. બેનર્જી જેવા પ્રતિષ્ઠિત મહાનુભાવોની મુખ્ય અતિથિ તરીકેની ઉપસ્થિતિમાં એનાયત કરવામાં આવ્યું હતું. આ સમારંભ મહારાષ્ટ્ર વિધાનસભાના સભ્ય શ્રી દિલીપ વળસે પાટીલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ સન્માનના ભાગરૂપે વિજેતાઓને સન્માન મેડલિયન, સન્માન પ્રશસ્તિપત્ર અને ૧ કરોડ અને ૧ લાખ રૂપિયાનું સન્માન ફંડ એનાયત કરવામાં આવ્યું હતું. આ પુરસ્કાર પાયાના સ્તરે સકારાત્મક પરિવર્તન લાવવા માટેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાના સન્માનરૂપે આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે માહિતી આપતા યશરાજ બાયોટેકનોલોજી લિમિટેડના એડવાઈઝરી બોર્ડના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દિનેશ કુમાર જૈને જણાવ્યું હતું કે યશરાજ ભારતી સન્માન એ એવી વ્યક્તિઓ અને સંસ્થાઓ પ્રત્યેની અંજલિ છે કે જેઓ પાયાના સ્તરે નિઃસ્વાર્થભવથી કાર્ય કરે છે, ઘણીવાર કોઈ ઓળખ વગર પણ સમાજ પર કાયમી અને હકારાત્મક પ્રભાવ પાડે છે. આ પ્લેટફોર્મ દ્વારા અમારો ઉદ્દેશ્ય તેમની પ્રતિબદ્ધતાને સ્વીકારવા, તેમની વાર્તાઓને વિસ્તૃત કરવાનો અને હેતુપૂર્ણ કાર્યોના વ્યાપક આંદોલનને પ્રેરિત કરવાનો છે. આ વર્ષના વિજેતાઓનું કાર્ય કરુણા, સ્થિતિસ્થાપકતા અને સમુદાયના નેતૃત્વ હેઠળના પરિવર્તનની શક્તિને પ્રતિબિંબિત કરે છે, જે વધુ સર્વસમાવેશક અને સમાન સમાજના નિર્માણ માટે અનિવાર્ય છે.''

બે દાયકાથી વધુ સમયથી ફાઉન્ડેશન ફોર ઈકોલોજીકલ સિક્યોરિટી (FES) ભારતના કેટલાક સૌથી સંવેદનશીલ વિસ્તારોમાં જંગલો, ગૌચર અને જળાશયો સહિતના પર્યાવરણીય સંસાધનોના પુનઃસ્થાપન માટે કાર્યરત છે. આ સાથે જ આ સંસ્થા સામુદાયિક શાસન વ્યવસ્થાને મજબૂત કરવા અને ગ્રામીણ વિસ્તારોમાં ટકાઉ આજીવિકાને સક્ષમ બનાવવા માટે પણ કાર્ય કરી રહી છે.

વર્ષ ૨૦૦૧માં સ્થપાયેલ અને ગુજરાતમાં આણંદ ખાતે મુખ્ય મથક ધરાવતી FES એ માન્યતાનું સમર્થન કરે છે કે સહિયારા કુદરતી સંસાધનો ૩૫ કરોડથી વધારે ગ્રામીણ ભારતીયોની ગરિમા અને આજીવિકા માટેના કેન્દ્ર સ્થાને છે. તેનો મુખ્ય અભિયાન પ્રોમિસ ઓફ કોમન્સ (વર્ષ ૨૦૧૮–૨૦૨૮) દ્વારા આ સંસ્થા રાષ્ટ્રીય સ્તરે સમુદાય સંચાલિત પર્યાવરણીય પુનઃસંગ્રહને વિસ્તારી રહી છે અને તેની સાથે જ આજીવિકા સુરક્ષા અને પર્યાવરણીય પરિણામોમાં સુધારો કરી રહી છે.

જલ શક્તિ મંત્રાલયની અટલ ભૂજલ યોજના, ઓડિશાની મો જંગલ જમીન યોજના અને છત્તીસગઢના ગ્રામસભા જાગૃતિ અભિયાન જેવી સરકારી પહેલો સાથેની ભાગીદારી દ્વારા FES એ ૧૨૦૦૦ થી વધારે ગામોના સમુદાયોને સામુદાયિક વન અધિકાર સુરક્ષિત કરવા માટે સશક્ત બનાવ્યા છે. આ પ્રયાસો લોકો અને પૃથ્વી બંને પર સંસ્થાના લાંબા ગાળાના પ્રભાવને વધારે મજબૂત બનાવે છે.

## વૉલમાર્ટ આયોજન કરે છે, ગ્રોથ સમિટ ૨૦૨૬નું જેમાં તેઓ ભારતીય બિઝનેસીસને વૈશ્વિક સ્તરે વિસ્તરણની તક આપશે

વૉલમાર્ટે આજે ભારતમાં નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે વૉલમાર્ટ ગ્રોથ સમિટની બીજી આવૃતિ-ઈન્ડિયા ૨૦૨૬નું કર્યું છે. આ ઈવેન્ટમાં નિકાસ માટે તૈયાર બિઝનેસીસ, એમએસએમઈસ, ડિજિટલ ફર્સ્ટ બ્રાન્ડ્સ, ડીટુસી વિક્રેતા અને સપ્લાઈ ચેન સહયોગીઓને સ્થાનિક તથા આંતરરાષ્ટ્રીય માર્કેટમાં વિકાસની તકને જોવાની તક આપે છે.

ભારતમાંથી અત્યાર સુધીમાં ૪૦ બિલિયન ડોલરથી વધુ મૂલ્યના માલની ખરીદીને આધારે, સમિટમાં વૉલમાર્ટની ભારતની નિકાસ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની અને વધુ વ્યવસાયોને વૈશ્વિક બજારોમાં પહોંચવા સક્ષમ બનાવવાની સતત પ્રતિબદ્ધતાને હાઈલાઈટ કરવામાં આવી છે.

વૉલમાર્ટ અને ફ્લિપકાર્ટના અગ્રણીઓએ વૈશ્વિક સપ્લાઈ ચેઈનમાં ભારતીય બિઝનેસને વિકસાવવા પ્રત્યેના રોલ પર ભાર મૂક્યો હતો અને સ્થાનિક સહયોગ તથા ક્ષમતા ઉભી કરવાના પ્રયત્નોનું ઊંડાણપૂર્વકનું મહત્વ સમજાવ્યું હતું. આ સમીટ બાદ પ્રાંતિય વિકાસ સમીટની ઈવેન્ટ જયપુર અને કોઈમ્બરતુરમાં યોજાશે, જે ડિરેક્ટોરેટ જનરલ ઓફ ફોરેન ટ્રેડ (ડીજીએફટી), ગવર્મેન્ટ ઓફ ઈન્ડિયા અને ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન્સ (એફઆઈઈઓ)ની સાથે સહયોગમાં યોજવામાં આશે, જેનાથી મુખ્ય એમએસએમઈસ ક્લસ્ટરોમાં પહોંચ મજબૂત બનાવવાની સાથોસાથ આગામી વર્ષોમાં આવા વધુ સેન્ટર સુધી પહોંચી શકાય.

''વૈશ્વિક વાણિજ્યમાં આજે ભારત સૌથી અલગ અને અદ્ભુત તક આપે છે'' એમ કહે છે, વૉલમાર્ટ આઈએનસીના પ્રેસિડેન્ટ અને સીઈઓ જહોન ફર્નર. ''અત્યાર સુધી ભારતમાંથી ૪૦ અબજ ડોલરથી પણ વધુની કિંમતના માલની ખરીદી સાથે આંત્રપ્રિન્યોરને વધુ મજબૂત કરવા ઉપરાંત પૂરવઠાની ક્ષમતા, તેનું પાલન, ગુણવત્તાના માપદંડ અને ઉત્પાદન સ્કેલનો સમાવેશ થાય છે.

## ભારતીય બાંધકામ સાધન ઉદ્યોગે FY26માં સ્થિતિસ્થાપકતા દર્શાવી; નિકાસ ૩૧.૫% વધી

ઈન્ડિયન કંસ્ટ્રક્શન ઈક્વીપમેન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (ICEMA)એ આજે જાહેરાત કરતા જણાવ્યું છે કે ઉદ્યોગે હ્વરૂ ૨૦૨૫-૨૬માં કુલ ભારતીય બાંધકામ સાધન (ઝઈ)માં આશરે ૨%નો ઘટાડો અનુભવ્યો છે, જેમાં હ્વરૂ૨૫માં એકંદરે વેચાણ ૧,૪૦,૧૯૧થી ઘટીને ૧,૩૬,૯૯૫નું થયું છે.

ICEMAના પ્રમુખ અને JCB ઈન્ડિયા લિમિટેડના સીઈઓ અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી દીપક શેટ્ટીએ જણાવ્યું હતું કે: ''FY26માં અનુભવાયેલા આંશિક ઘટાડાને ઉદ્યોગમાં કોઈપણ માળખાકીય નબળાઈના કારણને બદલે ધીમા માળખાગત અમલીકરણની દ્રષ્ટિએ જોવો જોઈએ. સરકારના મૂડીખર્ચની ફાળવણી ઐતિહાસિક ઊંચા સ્તરે છે ત્યારે પ્રોજેક્ટ અમલીકરણ, જમીન સંપાદનના પડકારો અને ધીમી ડીસ્બર્સમેન્ટ સાયકલે વર્ષ દરમિયાન સાધનની માંગ પર માઠી અસર પાડી હતી. તેની સાથે ઉદ્યોગે નિકાસમાં ૩૨%ની વૃદ્ધિ સાથે સ્થિતિસ્થાપકતા દર્શાવી છે., જે ભારત દ્વારા ઉત્પાદિત બાંધકામ સાધનોની વૈશ્વિક ક્ષેત્રે વધી રહેલી સ્પર્ધાત્મકતા પર ભાર મુકે છે. ભારતના માળખાગત વિકાસ પરના સતત ફોકસને કારણે ઉદ્યોગના લાંબા ગાળાની વૃદ્ધિ અમે પ્રતિબદ્ધ છીએ.''

અર્થમુવીંગ સાધનોએ ૯૭,૨૩૬ યુનિટ્સ (વાર્ષિક ધોરણે-૨%) સાથે ૭૧% બજાર હિસ્સા સાથે બજાર હિસ્સાનું પ્રભુત્વ જાળવી રાખવાનું સતત રાખ્યું છે. કોંક્રિટ સાધનો ૧૪,૪૮૬ યુનિટ્સ (વાર્ષિક ધોરણે +૦.૦૯%) સ્થિર રહ્યા હતા. રોડ બાંધકામ સાધનોએ ૭,૪૪૫ યુનિટ્સ સાથે ૧૬.૩%ની સકારાત્મક વૃદ્ધિ નોંધાવી છે. જ્યારે મટીરિયલ પ્રોસેસિંગ સાધનોએ ૨,૫૩૮ યુનિટ્સ સાથે ૨૧.૨%ની સામાન્ય વૃદ્ધિ નોંધાવી હતી.

ICEMAના પ્રેસિડન્ટ ડેઝીગ્નેટ અને વર્ટજેન ઈન્ડિયા પ્રા. લિમીટેડના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી રમેશ પાલાગીરીએ જણાવ્યું હતું કે: ''ભારતીય બાંધકામ સાધન ઉદ્યોગ ધીમા પ્રોજેક્ટ અમલીકરણ અને આંતરમાળખાકીય અમલીકરણના શૂન્યવકાશ સંબંધિત હંગામી પડકારો છતાં સતત સ્થિતિસ્થાપક રહ્યો છે. ઉદ્યોગના લાંબા ગાળાના ફંડામેન્ટલ્સ મજબૂત છે કેમ કે સરકારે આંતરમાળખાકીય વિકાસ અને ઉત્પાદન વૃદ્ધિ પર ભાર મુક્યો છે. સમયસર પ્રોજેક્ટ ફાળવણી, જમીન પરના ઝડપી અમલીકરણ અને સુધારેલી અમલીકરણ કાર્યક્ષમતા ઉદ્યોગની ગતિને ટકાવી રાખવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે.''

ICEMAના વાઈસ પ્રેસિડન્ટ અને CASE કંસ્ટ્રક્શન ઈક્વીપમેન્ટ ઈન્ડિયા પ્રા. લિમીટેડના ઈન્ડિયા અને SAARCના મેનેજિંગ ડિરેક્ટર શ્રી શાલભ ચતુર્વેદીએ જણાવ્યું હતું કે: ''પ્રોજેક્ટ અમલીકરણમાં ધીમી ગતિને કારણે FY26 બાંધકામ સાધનો ઉદ્યોગ માટે કામચલાઉ મંદીનું વર્ષ રહ્યું છે અને ચોક્કસ ક્ષેત્રોમાં માળખાગત સુવિધામાં વધારો થયો છે. હાઈવે બાંધકામ પ્રવૃત્તિમાં મંદી, પ્રોજેક્ટ ફાળવણીમાં વિલંબ અને જળ જીવન મિશન અમલીકરણમાં મંદીથી વર્ષ દરમિયાન સાધનોની માંગ પર અસર પડી હતી. જોકે, ઉદ્યોગ લાંબા ગાળાની તકો અંગે સ્થિતિસ્થાપક અને આશાવાદી રહે છે. ભારતની માળખાગત સુવિધા વૃદ્ધિની વાર્તા મજબૂત રહે છે અને પ્રોજેક્ટ્સનો સમયસર અમલ, જમીન પર ઝડપી અમલીકરણ અને કોન્ટ્રાક્ટરો માટે સુધારેલ તરલતા ક્ષેત્રના ટેકા માટે વૃદ્ધિ ગતિને પુનઃસ્થાપિત કરવા માટે મહત્વપૂર્ણ રહેશે.

## પ્રાઈડ હોટેલ્સ દ્વારા પ્રાઈડ એલિટ હિંમતનગરનું ભવ્ય ઉદ્ઘાટન: ૫૧ રૂમ્સ સાથે પ્રીમિયમ ડાઈનિંગ, બેક્ક્વેટ સ્પેસ અને તમામ પ્રવાસીઓ માટે આધુનિક સુવિધાઓ

પ્રાઈડ હોટેલ્સ લિમિટેડ એ હિંમતનગરમાં પ્રાઈડ એલિટ હિંમતનગરના શુભારંભની જાહેરાત કરી છે. અમદાવાદ–ઉદયપુર હાઈવે પર વ્યૂહાત્મક રીતે સ્થિત અને અમદાવાદથી માત્ર ૬૦ કિલોમીટર દૂર આવેલું આ આધુનિક ૫૧ રૂમ્સ ધરાવતું હોટેલ બિઝનેસ તેમજ લેઝર પ્રવાસીઓ માટે આધુનિક સુવિધાઓ, વિશાળ રહેવાની વ્યવસ્થા અને લક્ઝુરિયસ ડાઈનિંગનો ઉત્તમ સમન્વય પ્રદાન કરે છે.

હિંમતનગરના કેન્દ્રસ્થાને આવેલ આ હોટેલમાં ત્રણ વિશિષ્ટ રેસ્ટોરન્ટ્સ છે—કાસાબ્લાંકા, જ્યાં મલ્ટી-ક્યુઝિન વેજિટેરિયન ભોજનનો આનંદ માણી શકાય છે; સીઝલિંગ BBQ, જે રૂફટોપ લાઈવ ગ્રિલ્સ અને શહેરના મનમોહક નજારાઓ સાથે અનોખો અનુભવ આપે છે; તેમજ ૩૬૦ રૂફટોપ રેસ્ટોરન્ટ, જે શાંત સાંજ અને યાદગાર ઉજવણીઓ માટે આદર્શ સ્થળ છે. આ ઉપરાંત, હોટેલમાં ૭૦૦૦ ચોરસ ફૂટથી વધુનું બેક્ક્વેટ સ્પેસ ઉપલબ્ધ છે, જે કોર્પોરેટ મીટિંગ્સ, કોન્ફરન્સ, લગ્ન પ્રસંગો અને સામાજિક કાર્યક્રમો માટે અનુકૂળ છે.

હોટેલનું ડિઝાઈન આરામ અને ભવ્યતાનો અનોખો અનુભવ આપે છે. આધુનિક ઈન્ટિરિયર્સ, સુસજ્જ રૂમ્સ અને આધુનિક સુવિધાઓ સાથે ડિલક્સ ટ્વિન, સુપિરિયર ટ્વિન, પ્રીમિયમ કિંગ, પ્રીમિયમ કિંગ વિથ બાથટબ અને લક્ઝુરિયસ પ્રાઈડ સુઈટ જેવી વિવિધ રહેવાની વિકલ્પો ઉપલબ્ધ છે.

અતુલ ઉપાધ્યાય, એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, પ્રાઈડ હોટેલ્સ લિમિટેડ એ લોન્ચ અંગે જણાવ્યું હતું કે, ''પ્રાઈડ હોટેલ્સ ખાતે અમે સતત એવા વ્યૂહાત્મક સ્થળોએ વિસ્તરણ કરવા પ્રયત્નશીલ છીએ, જ્યાં વિકાસની વિશાળ સંભાવનાઓ ઉપલબ્ધ હોય. ગુજરાત–રાજસ્થાન કોરિડોર પર વ્યૂહાત્મક રીતે આવેલ હિંમતનગર બિઝનેસ તેમજ લેઝર ટૂરિઝમ બંને માટે ઉત્તમ તક પ્રદાન કરે છે. પ્રાઈડ એલિટ હિંમતનગર દ્વારા અમે લક્ઝરી અને સુવિધાનો અનોખો સમન્વય રજૂ કરી રહ્યા છીએ, જ્યાં મહેમાનોને શ્રેષ્ઠ હૉસ્પિટાલિટી સાથે પ્રીમિયમ સ્ટેનો અનુભવ મળશે.''

કોસ્તુવા મુખર્જી, એવીપી – ગુજરાત, તેલંગાણા, આંધ્ર પ્રદેશ અને ગોવા, એ ઉમેર્યું હતું કે, ''અમદાવાદ–ઉદયપુર હાઈવે પર આવેલ પ્રાઈડ એલિટ હિંમતનગરનું પ્રાઈમ લોકેશન અને ઔદ્યોગિક તેમજ બિઝનેસ હબ્સની નજીકતા તેને કોર્પોરેટ પ્રવાસીઓ માટે આદર્શ ગંતવ્ય બનાવે છે. સાથે જ, હોટેલની લેઝર સુવિધાઓ અને શાંત વાતાવરણ આરામદાયક ગેટઅવે ઈચ્છતા મહેમાનો માટે પરફેક્ટ પસંદગી છે. ઉત્તર ગુજરાતના હૉસ્પિટાલિટી ક્ષેત્રમાં આ પ્રોપર્ટી મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી અમને આશા છે.''

રોહિત મલૈયા, જનરલ મેનેજર, પ્રાઈડ એલિટ હિંમતનગર, એ અંતમાં જણાવ્યું હતું કે, ''પ્રાઈડ એલિટ હિંમતનગર ખાતે અમારી પ્રાથમિકતા દરેક મહેમાનને શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાની છે. વિશાળ અને ભવ્ય રીતે ડિઝાઈન કરાયેલા રૂમ્સથી લઈને ખાસ રીતે ક્યુરેટ કરાયેલા ડાઈનિંગ અને ઈવેન્ટ સ્પેસ સુધી, અમે આરામ અને લક્ઝરીનો સુંદર સમન્વય સર્જ્યો છે. અમારી ટીમ ઉષ્માભર્યું આતિથ્ય અને વ્યક્તિગત સેવાઓ દ્વારા દરેક સ્ટેને યાદગાર બનાવવા માટે પ્રતિબદ્ધ છે.''

## ટર્નઅરાઉન્ડથી ટેકઓફ સુધી: મફતલાલ ઈન્ડસ્ટ્રીઝનું નાણાકીય વર્ષ ૨૦૨૬માં શ્રેષ્ઠ પ્રદર્શન

ભારતીય ટેક્સટાઈલ ક્ષેત્રે એક સદી જૂનું અગ્રણી નામ ધરાવતી મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડે ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા વર્ષ માટે તેના નાણાકીય પરિણામો જાહેર કર્યા છે, જે અત્યાર સુધીનું સૌથી મજબૂત વાર્ષિક પ્રદર્શન દર્શાવે છે. કંપનીએ રૂ. ૩,૮૭૦.૪ કરોડની રેવેન્યૂ નોંધાવી છે, જે ટેક્સટાઈલ અને સંબંધિત ક્ષેત્રો તેમજ કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેગમેન્ટમાં શ્રેષ્ઠ કામગીરીને કારણે શક્ય બની છે.

નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે, કામગીરીમાંથી થતી આવકમાં વાર્ષિક ધોરણે ૩૭.૯%નો વધારો થયો છે, જેનું મુખ્ય કારણ સંસ્થાગત ઓર્ડરનું મજબૂત અમલીકરણ, યુનિફોર્મ કેટેગરીમાં વધેલી માંગ અને યુનિફોર્મ સોલ્યુશન્સને વધુ વ્યાપક બનાવવા પર આપવામાં આવેલું ધ્યાન છે. કંપનીના ઓપરેટિંગ ઈ્મ્ફિછમાં પણ વાર્ષિક ૩૩.૯%નો વધારો જોવા મળ્યો છે, જે સુધારેલી ઓપરેશનલ કાર્યક્ષમતા દર્શાવે છે.

પરિણામો પર ટિપ્પણી કરતા અરવિંદ મફતલાલ ગ્રુપના વાઈસ-ચેરમેન અને મફતલાલ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી પ્રિયવ્રત મફતલાલે જણાવ્યું હતું કે: "નાણાકીય વર્ષ ૨૦૨૬ કંપની માટે ખૂબ જ મજબૂત વર્ષ રહ્યું છે, જેમાં અમારા ઈન્સ્ટિટ્યુશનલ અને યુનિફોર્મ બિઝનેસ તેમજ ટેક્સટાઈલની તમામ શ્રેણીઓમાં સ્થિર માંગને કારણે વૃદ્ધિ જોવા મળી છે."

નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન, કંપનીએ ઓપરેશનલ નફાકારકતામાં નોંધપાત્ર સુધારો નોંધાવ્યો હતો, કારણ કે ઓપરેટિંગ ઈ્મ્ફિછ વૃદ્ધિ કુલ EBITDA વૃદ્ધિની સમકક્ષ રહી હતી. આ વૃદ્ધિ મુખ્યત્વે કામગીરી આધારિત હતી અને તેમાં નોન-રીકરીંગ આવકના સ્ત્રોતોનો ફાળો ઓછો હતો.

કંપનીના ટેક્સટાઈલ અને સંબંધિત ઉત્પાદનો તેમજ ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેગમેન્ટ્સ વૃદ્ધિના મુખ્ય પરિબળો રહ્યા હતા, જેને વિવિધ રાજ્યોના મોટા ઓર્ડર્સ દ્વારા સમર્થન મળ્યું હતું. જેની મુખ્ય વિગતો આ મુજબ છે: ટેક્સટાઈલ અને સંબંધિત ઉત્પાદનોનો વાર્ષિક EBITમાં આશરે ૬૬.૨% ફાળો રહ્યો છે, જે ઉચ્ચ-માર્જિન ધરાવતા યુનિફોર્મ વ્યવસાય તરફના ઝુકાવને દર્શાવે છે; શિક્ષણલક્ષી સંસ્થાગત પ્રોજેક્ટ્સ દ્વારા ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો વિસ્તાર; આશરે ?૭૭૫ કરોડની મજબૂત ઓર્ડર બુક જે ભાવિ આવકની સ્પષ્ટતા આપે છે; અને ખર્ચ ઘટાડવાની વ્યૂહરચના તેમજ ગ્રીન એનર્જીની દિશામાં પહેલ કરતા, કંપનીએ તેના નડિયાદ યુનિટમાં સ્વ-વપરાશ માટે ૪ મેગાવોટ પીક (MWp) સોલર પાવર પ્લાન્ટની સ્થાપના શરૂ કરી છે.

બોર્ડ ઓફ ડિરેક્ટર્સે નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે શેર દીઠ રૂ.૧.૨૫ (એટલે કે ?૨ની ફેસ વેલ્યુ પર ૬૨.૫%) ના વચગાળાના ડિવિડન્ડની જાહેરાત કરી હતી અને તેની ચુકવણી કરી છે.

## Paytm FY26માં પ્રથમ સંપૂર્ણ વર્ષનો નફો નોંધાવે છે; PAT રૂ.૫૫૨ કરોડ, આવક ૨૨% વધીને રૂ.૮,૪૩૭ કરોડ

Paytm (One 97 Communications Limited), ભારતની અગ્રણી પેમેન્ટ્સ અને ફાઈનાન્શિયલ સર્વિસિસ ડિસ્ટ્રિબ્યુશન કંપનીએ માર્ચ ૨૦૨૬ સુધીના ક્વાર્ટર અને વર્ષ માટેના નાણાકીય પરિણામોની જાહેરાત કરી, જેમાં FY26માં પ્રથમ વખત સંપૂર્ણ વર્ષનો નફો નોંધાવ્યો. કંપનીની આવક રૂ.૮,૪૩૭ કરોડ રહી, જે વર્ષદર વર્ષ ૨૨% વૃદ્ધિ દર્શાવે છે. EBITDA રૂ.૫૦૨ કરોડ અને PAT રૂ.૫૫૨ કરોડ રહ્યો, જે ગ્રાહક અને મર્ચન્ટ પેમેન્ટ્સમાં માર્કેટ શેરમાં સતત વૃદ્ધિ અને AI આધારિત ખર્ચ કાર્યક્ષમતાને કારણે સંભવ બન્યું.

ક્વાર્ટર દરમિયાન ઓપરેટિંગ આવક રૂ.૨,૨૬૪ કરોડ રહી, જે રિપોર્ટેડ આધારે ૧૮% અને કોમ્પેરેબલ આધારે ૨૬% YoY વૃદ્ધિ દર્શાવે છે. EBITDA રૂ.૧૩૨ કરોડ રહ્યો. આવકમાં વૃદ્ધિ મર્ચન્ટ અને ગ્રાહક પેમેન્ટ્સમાં માર્કેટ શેર વધારાથી અને ફાઈનાન્શિયલ સર્વિસિસ ડિસ્ટ્રિબ્યુશનમાં વૃદ્ધિથી આગળ વધતી રહી.

મર્ચન્ટ ય્સ્ફ ૨૭% વધીને રૂ.૬.૫ લાખ કરોડ થયો. સબસ્ક્રિપ્શન મર્ચન્ટ્સ ૧.૫૧ કરોડ સુધી પહોંચ્યા, જેમાં ૨૭ લાખ ૅરૂ નેટ વધારો થયો.

ફાઈનાન્શિયલ સર્વિસિસ ડિસ્ટ્રિબ્યુશનમાંથી આવક ૩૮% વધીને રૂ.૭૫૦ કરોડ થઈ, જે મર્ચન્ટ લોન, ગ્રાહક લોન અને વેલ્થ પ્રોડક્ટ્સમાં વૃદ્ધિથી સંચાલિત હતી. Paytmએ મર્ચન્ટ લોન વિતરણમાં મજબૂત વૃદ્ધિ દર્શાવી.

ગ્રાહક પેમેન્ટ્સમાં પણ કંપનીએ પોતાનું નેતૃત્વ મજબૂત બનાવ્યું, જેમાં UPI GTV ૪૬% વધીને રૂ.૫.૫ લાખ કરોડ થયું, જે ઈન્ડસ્ટ્રી વૃદ્ધિ કરતાં ૨.૨ ગણું છે. સરેરાશ માસિક ટ્રાન્ઝેક્શન યૂઝર્સ ૫૦ લાખ વધીને ૭.૭ કરોડ થયા.

## કેએફસી ઈન્ડિયાનું ચિકન ક્રિસ્પર મીલ હવે માત્ર રૂ. ૯૯ માં

૨૦૨૬ વધુ ક્રિસ્પી, વધુ ક્રંચી અને ફિંગર લિકિન ગુડ!

કેએફસી લઈને આવ્યું છે સૌનું મનપસંદ ચિકન ક્રિસ્પર મીલ, માત્ર રૂ.૯૯ની આકર્ષક કિંમતે.

ચિકન પ્રેમીઓ હવે તેમના મનપસંદ ચિકન ક્રિસ્પર નો આનંદ માણી શકશે - જેમાં છે સોફ્ટ તલવાળા બનની વચ્ચે જ્યુસી પેરી-પેરી ચિકન સ્ટ્રીપ્સ, ક્રીમી-ટેન્ગી સોસ અને તાજું લેટીસ - જેની સાથે પીરસવામાં આવશે ક્રિસ્પી ગોલ્ડન ફ્રાઈસ અને ઠંડીગાર પેપ્સી.

માત્ર રૂ. ૯૯ ની કિંમતે ઉપલબ્ધ આ ચિકન ક્રિસ્પર મીલ હવે તમામ રેસ્ટોરન્ટ્સમાં ડાઈન-ઈન અને ટેકઅવે માટે ઉપલબ્ધ છે.

કેએફસીના ચાહકો ડાઈન-ઈન દરમિયાન લાઈનમાં ઉભા રહેવાને બદલે કેએફસી એપ પર પ્રી-ઓર્ડર પણ કરી શકે છે, જેથી તેઓ રાહ જોયા વગર સીધા જ માત્ર રૂ.૯૯/- માં આ 'ફિંગર લિકિન ગુડ' ફૂડની મજા માણી શકે.


Printed and Published by Ashish Kothari on behalf of Prabhat News Papers Pvt. Ltd., Printed at Kothari Printers, 1, R. K. Kothari Estate, Ranipur Bus Stop, Narol, Ahmedabad, Publieshed from, 704, Aditya, Mithakhali Six Roads, Ahmedabad. Editor : Ashish Kothari, email : news@theprabhat.com (M.)+91 9727977477

# ED ના દરોડા બાદ પંજાબના કેબિનેટ મંત્રી સંજીવ અરોડાની ધરપકડ

ચંદીગઢ, તા.૯

પંજાબના કેબિનેટ મંત્રી અને આમ આદમી પાર્ટીના વરિષ્ઠ નેતા સંજીવ અરોરાને લઈને મોટા સમાચાર સામે આવી રહ્યાં છે. ચંદીગઢમાં આવેલા તેઓના સરકારી નિવાસ પર આજે સવારે ઈડીની ટીમે દરોડો પાડ્યા હતા. કલાકો સુધી ચાલેલી કાર્યવાહી બાદ ઈડીએ મંત્રી સંજીવ અરોરાની ધરપકડ કરી લીધી છે. જ્યારે આ કાર્યવાહીને લઈને આમ આદમી પાર્ટીએ કેન્દ્ર સરકાર પર રાજકીય દબાણ બનાવવાનો આરોપ લગાવ્યો છે.

ED ચંદીગઢ અને દિલ્હી-NCR વિસ્તારમાં સંજીવ અરોરા અને તેના સહિયોગીઓ સાથે જોડાયેલા કુલ ચાર જગ્યાએ તપાસ અભિયાન હાથ ધર્યું હતુ. સૂત્રોના હવાલેથી જાણકારી અનુસાર તપાસ એજન્સી નાણાકીય લેવડ દેવડ અને કથિત મની લોન્ડરિંગ સાથે જોડાયેલા દસ્તાવેજોની તપાસ કરી રહી હતી. આ કાર્યવાહીએ પંજાબ સરકાર અને રાજનીતિમાં હડકંપ મચાવી દીધો છે.



સવારે આશરે ૭ વાગ્યે સેક્ટર ૨ સ્થિત સરકારી આવાસ પર ઈડી અધિકારીઓનો કાફલો પહોંચ્યો હતો. આશરે ૨૦ ગાડીઓમાં પહોંચેલા અધિકારીઓ સાથે સુરક્ષા દળોને તહેનાત કરવામાં આવ્યાં હતા. CIA અને સ્પેશિયલ ફોર્સના આશરે ત્રણ ડર્ઝન જવાનોએ આખો વિસ્તાર ઘેરી લીધો હતો.

જાણકારી અનુસાર સવારે ૭.૨૫ વાગ્યે ઔપચારિક રીતે સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતુ. ઈઢની આ કાર્યવાહી PMLA ૨૦૦૨ અંતર્ગત કરવામાં આવી રહી છે. સૂત્રો અનુસાર આ કાર્યવાહી બે દિવસ પહેલા શરૂ થયેલી મોટી તપસાનો વિસ્તાર માનવામાં આવી રહી છે. જેમાં બિલ્ડર અજય સહગલ, મોહિન્દર સિંહ અને અન્ય વેપારીઓને ત્યાં પણ દરોડા પડ્યા હતા.

EDના દરોડાને લઈને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનનું નિવેદન પણ સામે આવ્યું છે. તેઓએ બીજેપી પર નિશાન સાધતા એક્સ પોસ્ટ પર લખ્યું, "આજે ફરી એકવાર ભાજપની ઈડી સંજીવ અરોડાના ઘરે પહોંચી. એક વર્ષમાં આ ત્રીજી વાર છે જ્યારે ભાજપની ઈડી તેઓના ઘરે પહોંચી છે. છેલ્લા એક મહિનામાં આ બીજીવાર છે. છતા પણ તેઓને કંઈ મળ્યું નથી. હું મોદીજીને કહેવા માગુ છું કે પંજાબ ગુરુઓની ભૂમિ છે. જેને ઔરંગઝેબ પણ પોતાના આધિન કરી શક્યો નહોતો. આ ભગત સિંહની ભૂમિ છે, જેણે અંગ્રેજો સામે ક્યારેય માથુ નમાવ્યું નહોતું. એટલે પંજાબ મોદીની ચાલ સામે ક્યારેય ઝુકશે નહીં, ઈડી ભાજપના આ અનૈતિક ગઠબંધનનો અંત પંજાબથી જ શરુ થશે.

### દેશમાં ૨૦-૨૫ મેએ ચોમાસાનું આગમન થશે

## પહેલી જૂનથી આંદામાન અને કેરળમાં ચોમાસાનું આગમન થશે

નવી દિલ્હી, તા.૯


મેની બળબળતી ગરમીમાં સબડતા કરોડો ભારતીયો માટે આનંદના સમાચાર એ આવ્યા છે કે ચોમાસુ આ વખતે સમયસર બેસશે. ચોમાસુ દર વખતની જેમ પહેલી જૂને કેરળના તટે એન્ટ્રી મારી શકે છે. અહીં સૌથી રસપ્રદ અને મહત્ત્વની વાત એ છે કે ભારતમાં વરસાદ લાવતા આ વાદળોનું સીધું જોડાણ સાત સમંદર દૂર ઓસ્ટ્રેલિયાની સાથે જોડાયેલું છે. તાજેતરમાં જ ઓસ્ટ્રેલિયાના હવામાન ખાતાએ જાહેરાત કરી હતી કે અહીંની વેટ સીઝન એટલે કે વરસાદની સીઝન પૂરી થઈ ગઈ છે. હવે કોઈને પણ વિચાર આવે કે ઓસ્ટ્રેલિયામા વરસાદ રોકાય તેનો ભારત સાથે શું સંબંધ. વાસ્તવમાં ભૂમધ્ય રેખાની પાસે વાદળો અને વરસાદનો અદ્રશ્ય પટ્ટો હોય છે. આ વાદળો અને વરસાદનો અદ્રશ્ય પટ્ટો દર વર્ષે જરા પણ ચૂક્યા વગર ઉત્તરી ગોળાર્ધમાં ગરમી આવતા ઉત્તર તરફ અને દક્ષિણ ગોળાર્ધમાં ગરમી આવતા દક્ષિણ તરફ ખસે છે. આ પટ્ટી સૂરજની પાછળ જતી રહે છે અને જ્યાં પણ જાય છે ત્યાં વરસાદ લાવે છે. હવે ઓસ્ટ્રેલિયામાં જ્યારે વરસાદની સીઝન ખતમ થાય છે ત્યારે આ પટ્ટીથી મજબૂતાઈથી ઉત્તર તરફ ખસકવાનો પ્રારંભ કરી દે છે. આ પટ્ટી જેમ-જેમ ખસકે છે તેમ-તેમ સમુદ્રમાં આવતી નમીથી ચાલતી હવાઓને તે દક્ષિણ એશિયા તરફ ખેંચે છે.હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચોમાસાનો આ અદ્રશ્ય પટ્ટો હવે માલદીવને પાર કરી શ્રીલંકા અને આંદામાન નિકોબાર તરફ આગળ વધી રહ્યો છે. આગામી ૧૦થી ૧૫ દિવસમાં એટલે કે ૨૦થી ૨૫ મેની વચ્ચે તે આંદામાન નિકોબાર પહોંચી શકે છે. તેથી જો બધુ બરોબર રહ્યું તો પહેલી જૂનના રોજ કેરળમાં વરસાદ પડી શકે છે. તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં તો અત્યારથી જ વરસાદના છાંટણા પડવા લાગ્યા છે, જે ચોમાસુ આવવાની પૂર્વસૂચના છે.ઉત્તર-પશ્રિમ અને પૂર્વ ભારતમાં હાલમાં ક્યારેક ભીષણ ગરમી અને ક્યારેક અચાનક આંધીની સાથે વરસાદ તથા કરા પડે છે અને હિમવર્ષા થાય છે. હવામાન નિષ્ણાતોનું કહેવું છે કે આ સીઝનલ ટ્રાન્ઝિશન છે. હવામાન મુજબ આગામી સાત દિવસમાં તમિલનાડુ, પુડુચેરી અને કેરળમાં વરસાદ પડવાની સંભાવના છે. આ તે વાતનો મુખ્ય સંકેત છે કે ચોમાસુ તેની નિયત કાર્યક્રમ મુજબ આગળ વધી રહ્યું છે.

### અગ્નિમિત્રા પોલ સહિત ૫ વિધાયકોએ પણ લીધા મંત્રીપદના થપથ

## પ.બંગાળમાં ભાજપના પ્રથમ મુખ્યમંત્રી તરીકે શુભેન્દુ અધિકારીએ શપથ લીધા

કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના રાજકારણમાં આજનો દિવસ ઐતિહાસિક દિવસ બની રહેશે. રાજ્યમાં પહેલીવાર ભાજપની સરકાર બની છે. ભવાનીપુરમાં મમતા બેનર્જીને હરાવનારા સુવેન્દુ અધિકારીએ આજે બંગાળના મુખ્યમંત્રી પદના શપથ લીધા. કોલકાતામાં બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડમાં આ શપથ ગ્રહણ સમારોહનું આયોજન થયું. સમારોહમાં પીએમ મોદી પોતે સામેલ થયા. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન પણ સામેલ થયા. પ્રોટોકોલ મુજબ મમતા બેનર્જીને પણ સમારોહનું આમંત્રણ અપાયું હતું. સુવેન્દુ અધિકારી ઉપરાંત અન્ય પાંચ મંત્રીઓ પણ પદ અને ગોપનીયતાના શપથ લીધા.



ભવાનીપુરમાં મમતા બેનર્જીને હરાવનારા સુવેન્દુ અધિકારીએ આજે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકેના શપથ લીધા. બંગાળમાં ભાજપની પહેલીવાર સરકાર બની છે.

સુનેન્દુ અધિકારીએ શપથ લીધા બાદ પીએમ મોદીના ચરણ સ્પર્શ કર્યા અને તેમના આશીર્વાદ લીધા. ત્યારબાદ પીએમ મોદીએ તેમને ગળે લગાવ્યા. સુવેન્દુએ મંચ પર હાજર બધા નેતાઓ સાથે એક એક કરીને હાથ મિલાવ્યા અને બધાએ તેમને શુભેચ્છાઓ પાઠવી. જ્યારે સુવેન્દુ અધિકારી યોગી આદિત્યનાથને મળવા માટે પહોંચ્યા તો તેમણે પોતાનો ગમછો પહેરાવીને તેમનું અભિવાદન કર્યું.


સુવેન્દુ અધિકારી બાદ દિલીપ ઘોષે મંત્રી પદના શપથ લીધા, રાજ્યપાલે તેમને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા. ત્યારબાદ દિલીપ ઘોષે પીએમ મોદી અને તમામ નેતાઓના આશીર્વાદ લીધા.

અગ્નિમિત્રા પોલે પણ દિગ્ગજ ભાજપ નેતાઓની હાજરીમાં શપથ લીધા. ફેશન ડિઝાઈનરમાંથી નેતા બનેલા અગ્નિમિત્રા પોલ આસનસોલ દક્ષિણથી ચૂંટાઈ આવ્યા છે અને તેઓ બંગાળમાં ભાજપના એક મજબૂત મહિલા ચહેરા તરીકે જાણીતા છે.

બનગાંવ ઉત્તરથી ચૂંટાઈ આવેલા વિધાયક અશોક કીર્તનિયાએ પણ શપથ લીધા. તેઓ સતત બે ટર્મથી વિધાયક છે અને મતુઆ સમુદાયના કલ્યાણ માટે સક્રિયા રહ્યા છે.

## વડાપ્રધાન મોદીએ નતમસ્તક થઈને જનતાનું અભિવાદન કર્યું

કોલકાતા, તા.૯



પશ્ચિમ બંગાળના રાજકીય ઈતિહાસમાં ૯ મે, ૨૦૨૬ની તારીખ સુવર્ણ અક્ષરે અંકાઈ ગઈ છે. ભાજપના નેતા શુભેન્દુ અધિકારીએ રાજ્યના પ્રથમ ભાજપના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. કોલકાતાના બ્રિગેડ ગ્રાઉન્ડ ખાતે આયોજિત આ ભવ્ય સમારોહમાં પીએમ મોદીએ બંગાળની જનતાનું જે રીતે અભિવાદન કર્યું, તેણે વર્ષ ૨૦૧૪ની યાદો તાજી કરી દીધી છે.

બંગાળમાં લાંબા સમય સુધી ડાબેરી પક્ષો અને ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસ (TMC)નું શાસન રહ્યું છે. જોકે, વર્ષ ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીના પરિણામોએ રાજ્યમાં પ્રથમવાર ભાજપની સત્તા સ્થાપી છે. શુભેન્દુ અધિકારીના શપથ ગ્રહણ પ્રસંગે આખા બંગાળમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પીએમ મોદીએ મંચ પર પહોંચીને અત્યંત શ્રદ્ધાપૂર્વક અને નતમસ્તક થઈને બંગાળની જનતાને પ્રણામ કર્યા હતા. પીએમ મોદીની નતમસ્તક થવાની આ શૈલીએ વર્ષ ૨૦૧૪ના એ દ્રશ્યોની યાદ અપાવી, જ્યારે તેઓ લોકસભા ચૂંટણી જીત્યા બાદ પ્રથમવાર સંસદ ભવન પહોંચ્યા હતા. તે સમયે તેમણે લોકશાહીના મંદિર સંસદ ભવનને આવી જ રીતે પગથિયા પર માથું ટેકવીને નમન કર્યા હતા. તે જ રીતે, નવી સંસદના ઉદ્ઘાટન વખતે 'સેંગોલ'ની સ્થાપના સમયે પણ તેમણે નમ્રતા સાથે પ્રણામ કર્યા હતા. હવે બંગાળમાં મળેલા ઐતિહાસિક જનાદેશ બદલ આભાર વ્યક્ત કરવા તેમણે ફરી એકવાર જનતા સામે શિશ ઝુકાવ્યું છે.

જ્યારે વડાપ્રધાન મોદી જનતા સામે નતમસ્તક થયા, ત્યારે મંચ પર હાજર અન્ય નેતાઓ અને મેદાનમાં ઉપસ્થિત હજારો લોકોએ તાળીઓના ગડગડાટ સાથે તેમનું સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે પીએમ મોદીએ બંગાળના ૯૭ વર્ષીય માખન લાલ સરકારના ચરણસ્પર્શ પણ કર્યા હતા, જેની તસવીરો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

## બિહારમાં નોકરી માંગતા વિદ્યાર્થીઓ પર પોલીસે લાઠીચાર્જ કરતા હોબાળો

નવી દિલ્હી, તા.૯

TRE 4ની જાહેરાત જાહેર કરવા અને BPSC નિયમોમાં ફેરફારની માંગણી સાથે પટણામાં વિરોધ કરી રહેલા ઉમેદવારો સામે પોલીસ કાર્યવાહી કરવામાં આવી હતી. પટણા કોલેજથી વિરોધ કૂચ જેપી ગોલામ્બર પહોંચી, ત્યારે ત્યાં એકઠા થયેલા હજારો ઉમેદવારો અને પોલીસ વચ્ચે તણાવ સર્જાયો હતો. ભીડને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કરતા ઉમેદવારોમાં નાસભાગ મચી ગઈ હતી.આ સમય દરમિયાન, પોલીસે વિરોધ કરી રહેલા ઉમેદવારો પર લાઠીચાર્જ કર્યો, જેમાં ઘણા વિદ્યાર્થીઓ ઘાયલ થયા. વિદ્યાર્થી નેતા દિલીપના નેતૃત્વમાં આ વિરોધ પ્રદર્શન પરીક્ષા પ્રક્રિયામાં વિલંબ સામે અને જાહેરાત વહેલા પ્રકાશિત કરવાની માંગણી સાથે કરવામાં આવી રહ્યો હતો. વિદ્યાર્થીઓ પટના કોલેજ છોડીને બિહાર પબ્લિક સર્વિસ કમિશન ઓફિસ તરફ જઈ રહ્યા હતા.

## કેરલમમાં જીત બાદ કોંગ્રેસમાં CM પદ માટે મહાભારત

કેરલમ, તા.૯

કેરલમ વિધાનસભા ચૂંટણીમાં ભવ્ય જીત બાદ હવે કોંગ્રેસ માટે મુખ્યમંત્રીની પસંદગી કરવી કાંટાળા તાજ સમાન બની ગઈ છે. શુક્રવારે આખા રાજ્યમાં હજારો કોંગ્રેસ કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને વિરોધ પક્ષના નેતા વી. ડી. સતીશનને જ મુખ્યમંત્રી બનાવવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. કેરલમમાં અત્યારે બે મોટા જૂથો આમને-સામને છે. એક તરફ વી. ડી. સતીશન છે. જેમણે છેલ્લા ૫ વર્ષ વિપક્ષી નેતા તરીકે જમીની સ્તર પર લડત આપી છે. બીજી તરફ કોંગ્રેસના રાષ્ટ્રીય સંગઠન મહાસચિવ કે. સી. વેણુગોપાલનું નામ પણ ચર્ચામાં છે. કાર્યકરો કોઈ પણ સંજોગોમાં વેણુગોપાલને પેરાશૂટ નેતા તરીકે સ્વીકારવા તૈયાર નથી. તેમનું કહેવું છે કે જે નેતાએ યુદ્ધ જીતાડ્યું, તેને જ સત્તા સોંપવી જોઈએ. રિપોર્ટ્સ મુજબ, કોંગ્રેસના ૬૩ ધારાસભ્યોમાંથી બહુમતી વેણુગોપાલના પક્ષમાં હોવાનું મનાય છે, જે હાઈકમાન્ડ માટે મોટી મૂંઝવણ છે. કેરલમના રાજકારણમાં આ સ્થિતિ ૨૦૦૬ની યાદ અપાવે છે. ત્યારે ઍં(સ) માં પિનારાયી વિજયન સામે વીએસ અચ્યુતાનંદન માટે જનતા રસ્તા પર ઉતરી હતી અને અંતે પાર્ટીએ નમવું પડ્યું હતું. હવે કોંગ્રેસમાં પણ કાર્યકરો સેક્યુલર કેરલમ માટે સતીશનની માંગ કરી રહ્યા છે. તેવામાં કોંગ્રેસ માટે ખુબ જ દ્વિધાયુક્ત સ્થિતિ સર્જાઇ છે. સતીશને જાહેરાત કરી હતી કે, જોૅઢ્ઢ ૧૦૦ સીટ નહીં જીતે તો તેઓ નિવૃત્ત થશે, પરંતુ ગઠબંધને ૧૪૦ માંથી ૧૦૨ સીટો જીતી બતાવી છે. સતીશનના સમર્થનમાં રેલી કાઢનાર ઇડુક્કીના ત્રણ નેતાઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે, જેની સામે સાંસદ ડીન કુરિયાકોસે વિરોધ નોંધાવ્યો છે. પૂર્વ પ્રદેશ પ્રમુખે કહ્યું કે, જે મહેનત કરે તેને જ મજૂરી મળવી જોઈએ. તેમનું આ નિવેદન પરોક્ષ રીતે સતીશનના સમર્થનમાં માનવામાં આવે છે. જે નેતાએ રણમેદાનમાં નેતૃત્વ કર્યું, તેને જ શાસન કરવા દો તેવા કોંગ્રેસના કાર્યકરો નારો લગાવી રહ્યા છે. હવે જોવાનું એ રહેશે કે કોંગ્રેસ હાઈકમાન્ડ ધારાસભ્યોના આંકડાને મહત્વ આપે છે કે રસ્તા પર ઉતરેલા કાર્યકરોની લાગણીને?

### VCKએ સત્તાવાર સમર્થન જાહેર કર્યું

## તમિલનાડુમાં વિજયની પાર્ટી TVKને સરકાર રચવા બહુમતી મળી

ચેન્નાઈ, તા.૯

આખરે તમિલનાડુમાં વિજયનો મુખ્યમંત્રી બનવાનો રસ્તો સાફ થઈ ગયો છે. વિદુથલાઈ ચિરુથાઈગલ કાચી (VCK) એ સત્તાવાર રીતે સમર્થન જાહેર કરતાં વિજયની પાર્ટી તમિલગા વેટ્ટરી કઝગમ (TVK)ને બહુમતીનો ૧૧૮નો જાદુઇ આંકડો મળી ગયો છે. તમિલનાડુના રાજકારણમાં એક મોટો વળાંક જોવા મળ્યો છે, જેમાં VCK પ્રમુખ થોલ. તિરુમાવલવને સત્તાવાર રીતે વિજયની પાર્ટી TVKને સમર્થન જાહેર કર્યું છે. તિરુમાવલવને ટીવીકેના ચૂંટણી પ્રચાર સંચાલન અને જનરલ સેક્રેટરી આધવ અર્જુનને સમર્થનનો સત્તાવાર પત્ર સોંપ્યો હતો. આ પત્ર દ્વારા ફઝ્રદ્ભ એ રાજ્યમાં સરકાર બનાવવા માટેTVKને પોતાનો સંપૂર્ણ ટેકો જાહેર કર્યો છે.



તમિલનાડુ વિધાનસભાની ૨૩૪ બેઠકોમાંથી TVK ૧૦૮, DMKને ૫૯ બેઠકો, AIADMKને ૪૭, કોંગ્રેસ ૫, PMKને 4, IUML 2, CPI 2, CPI(M) 2, VCK 2 અને BJP, DMDK તથા AMMKને ૧-૧ બેઠક મળી છે.

વિધાનસભા ચૂંટણીના પરિણામો બાદ વિજયની પાર્ટી TVKને ૧૦૮ બેઠકો મળી હતી, વિજય પોતે બે બેઠકો પરથી ચૂંટણી લડ્યા હતા અને બાદમાં તેમણે એક બેઠક છોડવી પડશે. ટીવીકે (TVK)ને સૌથી પહેલા કોંગ્રેસના પાંચ ધારાસભ્યોનું સમર્થન મળ્યું હતું. આ ઉપરાંત, CPI અને (CPIM)ના બે-બે ધારાસભ્યોએ પણ ટેકો જાહેર કર્યો હતો. જેનાથી આ આંકડો વધીને ૧૧૬ પર પહોંચી ગયો હતો. ત્યાર બાદ સૌની નજર વીસીકે (VCK) પર ટકેલી હતી. આ પાર્ટીએ કોઈપણ શરત વગર ટીવીકેને સમર્થન આપ્યું છે. VCK બાદ ઈન્ડિયન મુસ્લિમ લીગ (IUMLS)એ પણ વિજયને સમર્થન જાહેર કર્યું છે. TVKના નેતા અર્જુને સમર્થન આપવા બદલ કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને VCK પ્રમુખ થિરૂમાવલવનનો આભાર માન્યો અને જણાવ્યું હતું કે 'વિજય મુખ્યમંત્રી બનવા માટે તૈયાર છે.'

## જે મિસાઈલ અમેરિકા પાસે પણ નથી તે ભારતે બનાવીને ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા.૯

ભારતે સંરક્ષણ ક્ષેત્રે એક મોટી ઐતિહાસિક સિદ્ધિ હાંસલ કરી છે. ભારતે મલ્ટીપલ ઈન્ડિપેન્ડન્ટલી ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વ્હીકલ (MIRV) ટેકનોલોજીથી સજ્જ અગ્નિ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ અદ્યતન ટેકનોલોજી ભારતની વ્યૂહાત્મક સંરક્ષણ ક્ષમતામાં અનેકગણો વધારો કરશે.

**MIRV ટેકનોલોજીની વિશેષતાઓ અને ખાસિયતો**

એક જ મિસાઈલ, અનેક લક્ષ્ય - MIRV ટેકનોલોજીની મુખ્ય ખાસિયત એ છે કે તે એક જ મિસાઈલ દ્વારા અનેક પરમાણુ હથિયારો લઈ જવાની ક્ષમતા ધરાવે છે.

સ્વતંત્ર નિશાન - આ મિસાઈલમાંથી છૂટા પડતા દરેક હથિયારને (રી-એન્ટ્રી વ્હીકલ) અલગ-અલગ દુશ્મન લક્ષ્યો પર સ્વતંત્ર રીતે ત્રાટકવા માટે સેટ કરી શકાય છે.

સુરક્ષા કવચને ભેદવામાં સક્ષમ- એકસાથે અનેક હથિયારો અલગ-અલગ દિશામાં છોડવાને કારણે દુશ્મન દેશની એન્ટી-મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ માટે તેને રોકવું અત્યંત મુશ્કેલ બની જાય છે.

## એન.એસ. રાજા સુબ્રમણી નવા ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (CDS) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૯

ભારત સરકારે લેફ્ટનન્ટ જનરલ રિટાયર્ડ એન.એસ. રાજા સુબ્રમણીને નવા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) તરીકે નિયુક્ત કર્યા છે. સરકાર દ્વારા જાહેર કરાયેલી માહિતી અનુસાર, તેઓ પદ સંભાળ્યાની તારીખથી આગામી આદેશો સુધી ભારત સરકારના લશ્કરી બાબતોના વિભાગના સચિવ તરીકે પણ સેવા આપશે. વર્તમાન ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ, જનરલ અનિલ ચૌહાણ, ૩૦ મે, ૨૦૨૬ ના રોજ તેમનો કાર્યકાળ પૂર્ણ કરી રહ્યા છે. સુબ્રમણ્ય તેમના સ્થાને આવશે. લેફ્ટનન્ટ જનરલ (નિવૃત્ત) એન.એસ. રાજા સુબ્રમણ્યમ હાલમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયમાં લશ્કરી સલાહકાર તરીકે સેવા આપી રહ્યા છે, જે ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ થી અમલમાં આવશે. અગાઉ, તેમણે ૧ જુલાઈ, ૨૦૨૪ થી ૩૧ જુલાઈ, ૨૦૨૫ સુધી આર્મી સ્ટાફના વાઈસ ચીફ તરીકે સેવા આપી હતી. તેમણે માર્ચ ૨૦૨૩ થી જૂન ૨૦૨૪ સુધી સેન્ટ્રલ કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ તરીકે પણ સેવા આપી હતી. સૈન્યમાં વ્યાપક અનુભવ અને અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા બાદ, તેમને હવે દેશના નવા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

નિવૃત્ત લેફ્ટનન્ટ જનરલ એન. એસ. રાજા સુબ્રમણીએ લગભગ ૩૯ વર્ષ સુધી ભારતીય સેનામાં સેવા આપી. વાઈસ ચીફ ઓફ આર્મી સ્ટાફ (VCOAS) તરીકે નિવૃત્તિ લીધા પછી, તેમણે રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલય (NSCS) માં લશ્કરી સલાહકાર તરીકે પણ સેવા આપી. શરૂઆતના શિક્ષણ પછી, એન. એસ. રાજા સુબ્રમણીએ નેશનલ ડિફેન્સ એકેડેમી (NDA), ખડકવાસલા અને ઈન્ડિયન મિલિટરી એકેડેમી (IMA), દેહરાદૂન ખાતે લશ્કરી તાલીમ મેળવી. તેમણે લંડનની કિંગ્સ કોલેજમાંથી માસ્ટર ઓફ આર્ટ્સની ડિગ્રી અને મદ્રાસ યુનિવર્સિટીમાંથી ડિફેન્સ સ્ટડીઝમાં એમ.ફિલ.ની ડિગ્રી મેળવી છે.

એન.એસ. રાજા સુબ્રમણીને ડિસેમ્બર ૧૯૮૫માં ભારતીય સેનાની ગઢવાલ રાઈફલ્સ રેજિમેન્ટમાં કમિશન આપવામાં આવ્યું હતું. તેમની લાંબી લશ્કરી કારકિર્દી દરમિયાન, તેમણે દેશની ઉત્તરી અને પશ્ચિમી સરહદો પર અનેક મહત્વપૂર્ણ હોદ્દાઓ સંભાળ્યા અને ઓપરેશનલ તૈયારીઓમાં મુખ્ય ભૂમિકા ભજવી. માર્ચ ૨૦૨૩ થી જૂન ૨૦૨૪ સુધી, તેમણે લખનૌ સ્થિત ભારતીય સેનાના સેન્ટ્રલ કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ તરીકે સેવા આપી. ત્યારબાદ, જુલાઈ ૨૦૨૪ માં, તેમને ભારતીય સેનાના ૪૭મા વાઈસ ચીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા, જે પદ તેમણે જુલાઈ ૨૦૨૫ સુધી સંભાળ્યું. સેનામાંથી નિવૃત્તિ લીધા પછી, એન.એસ. રાજા સુબ્રમણીને સપ્ટેમ્બર ૨૦૧૫ માં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયના લશ્કરી સલાહકાર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**સિગ્નલીંગ ગિયર્સ/સામગ્રીઓની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગ**

**ટેન્ડર નં. DRMSnT-BVP-Sig-08Rof26-27**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (એસ એન્ડ ટી) પશ્ચિમ રેલવે, ભાવનગર નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડરો આમંત્રિત કરે છે. **કામનું નામઃ** ભાવનગર ડિવિઝનઃ- ૧૦૦૦૦ થી વધુ ATVU ધરાવતા (૪૭ નંગ) LC ગેટ્સના ઈન્ટરલોકિંગના મંજુર થયેલ કામ સામે ૨૧ નંગ LC ગેટ્સના ઈન્ટરલોકિંગના સંબંધમાં સિગ્નલીંગ ગિયર્સ/સામગ્રીઓની આપૂર્તિ, સંસ્થાપન, પરિક્ષણ અને કમિશનીંગનું કામ. **અંદાજીત પડતરઃ** ₹ ૯,૪૪,૬૯,૫૪૧.૪૨/- (રૂા. નવ કરોડ ચુમ્માળીસ લાખ ઓગણસિત્તેર હજાર પાંચ સો એકતાળીસ અને બેતાળીસ પૈસા પૂરા) બિડરોએ ફક્ત www.ireps.gov.in મારફતે ઓન લાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખઃ ૦૧/૦૬/૨૦૨૬ ના ૧૫:૦૦ કલાક સુધી છે.

BVP-029

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly



**જી. વી. મહેતા એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એ.ડી.એમ./જન્મ-મરણ/કેસ નં.૧૩૭/૨૦૨૬ તા.૩૦-૦૩-૨૦૨૬

(૧) આયશાબેન ગુલામહુસેન જેરાવાલા
મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી.....અરજદાર

વિરૂદ્ધ

(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબરજીસ્ટ્રારશ્રી નગરપાલિકા મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી.......સામાવાળા

વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે વિલંબથી નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૦૯-૦૩-૨૦૨૬ના રોજ અરજી કરી તેઓનો જન્મ તા.૨૫-૦૬-૧૯૮૧ના રોજ મોડાસા મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૩૦-૦૩-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી. **એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, મોડાસા**



**જી. વી. મહેતા એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એ.ડી.એમ./જન્મ-મરણ/કેસ નં.૧૭૬/૨૦૨૬ તા.૨૩-૦૪-૨૦૨૬

(૧) મોહમ્મદજમાલ અહેમદભાઈ ગુજરાતી,
રહે. વાગડ ગોડાઉન સામે, જમાલવાવ, મોડાસા, તા. મોડાસા, જિ. અરવલ્લી

વિરૂદ્ધ

(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને
સબરજીસ્ટ્રારશ્રી નગરપાલિકા મોડાસા, તા.મોડાસા, જિ.અરવલ્લી.......સામાવાળા

વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે વિલંબથી નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૦૪-૦૪-૨૦૨૬ના રોજ અરજી કરી તેઓનો જન્મ તા.૨૮-૦૫-૧૯૬૯ના રોજ મોડાસા મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૨૩-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી. **એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, મોડાસા**



**જી. વી. મહેતા એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટશ્રી મોડાસાની કોર્ટમાં**

નં.એ.ડી.એમ./જન્મ-મરણ/કેસ નં.૧૭૮/૨૦૨૬ તા.૨૩-૦૪-૨૦૨૬

(૧) ભરતસિંહ ભાથીસિંહ પરમાર, રહે. ગાજણ, તા. મોડાસા, જિ. અરવલ્લી.....અરજદાર

વિરૂદ્ધ

(૧) રજીસ્ટ્રારશ્રી જન્મ-મરણ નોંધણી અને તલાટી કમ મંત્રીશ્રી,
ગાજણ, તા. મોડાસા, જિ. અરવલ્લી.............સામાવાળા

વિષય : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે વિલંબથી નોંધણી કરવા બાબત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટિસ પ્રસિદ્ધ કરી જાણ કરવામાં આવે છે કે, અત્રેની કોર્ટમાં અરજદારશ્રીએ તા.૦૪-૦૪-૨૦૨૬ના રોજ અરજી કરી તેઓના પુત્ર નામે રણવીરસિંહ ભરતસિંહ પરમારનો જન્મ તા.૦૭-૦૧-૨૦૧૧ના રોજ ગાજણ મુકામે થયેલ હોઈ જે બાબતની નોંધણી જે તે સમયે નોંધવાની રહી ગયેલ હોઈ નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. જે બાબતે કોઈ ઈસમોને વાંધો હરકત કે હેલો હોઈ તેઓએ આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦માં અત્રેની કોર્ટમાં હાજર થઈ વાંધાઓ રજૂ કરવા જો તેમ કરવામાં નહીં આવે તો સદર અરજી બાબતે આગળની યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી. આજ તા.૨૩-૦૪-૨૦૨૬ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી નોટિસ ઈસ્યુ કરી.

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, મોડાસા**

# કઈ રીતે દિલ્હી કેપિટલ્સના હાથમાંથી મેચ સરકી? કેપ્ટન અક્ષર પટેલે કર્યો ધડાકો

## IPL 2026 ની 51મી મેચમાં દિલ્હી કેપિટલ્સને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે 8 વિકેટથી હારનો સામનો કરવો પડ્યો


અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમમાં બીજી હાર બાદ કેપ્ટન અક્ષર પટેલ સ્પષ્ટપણે નિરાશ જોવા મળ્યો હતો


IPL 2026 ની 51મી મેચમાં દિલ્હી કેપિટલ્સને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) સામે આઠ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો. અરુણ જેટલી ક્રિકેટ સ્ટેડિયમમાં બીજી હાર બાદ કેપ્ટન અક્ષર પટેલ સ્પષ્ટપણે નિરાશ જોવા મળ્યો હતો. અક્ષર પટેલે જણાવ્યું હતું કે બે થી ત્રણ ઓવરના ગાળામાં પાંચ વિકેટ ગુમાવવી એ દિલ્હી કેપિટલ્સની હારનું મુખ્ય કારણ રહ્યું હતું.

દિલ્હી કેપિટલ્સે પ્રથમ બેટિંગ કરતા 20 ઓવરમાં આઠ વિકેટ ગુમાવીને કુલ 142 રન બનાવ્યા. ટીમ તરફથી પાથુમ નિસાન્કા સૌથી વધુ 50 રનનું યોગદાન આપ્યું. જોકે, બાકીના બેટ્સમેન નોંધપાત્ર અસર કરવામાં નિષ્ફળ રહ્યા અને ટીમે નિયમિત અંતરાલમાં વિકેટ ગુમાવી. KKR એ 143 રનના ટારગેટનો પીછો માત્ર 14.2 ઓવરમાં જ હાંસિલ કર્યો, જેમાં ફક્ત બે વિકેટ ગુમાવી દીધી. KKR માટે ફિન એલને 47 બોલમાં 100 રનની ઈનિંગ રમી, જ્યારે કેમેરોન ગ્રીન 33 રન બનાવીને રહ્યા.

અક્ષરે સિઝનની સાતમી હાર બાદ કહ્યું, "મને લાગે છે કે અમે અપેક્ષા કરતા ઓછા રન બનાવ્યા અને તે જ સમયે, સ્પિનરોએ પણ ઘણી ભૂલો કરી. પિચ જે રીતે વર્તી રહી હતી તે જોતાં મને લાગે છે કે સ્પિનરોએ ભૂલ કરી હતી." જોકે, જો તમે નજીકથી જુઓ તો, અમે ફક્ત બે કે ત્રણ ઓવરમાં પાંચ વિકેટ ગુમાવી દીધી હતી અને મને લાગે છે કે, મેચ અમારા હાથમાંથી સરકી ગઈ હતી. કદાચ આપણે આના પર વિચાર કરવાની જરૂર છે, કારણ કે ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK) સામે પણ આવું જ બન્યું હતું - અમે સારી શરૂઆત કરી હતી, પરંતુ પછી અચાનક વિકેટો પડતી રહી.

અક્ષરે આગળ કહ્યું,"તમે આ સમસ્યાને મુશ્કેલ રીતે ઉકેલી શકતા નથી. જ્યારે હું અને આશુતોષ બેટિંગ કરી રહ્યા હતા, ત્યારે અમે વિચારતા હતા કે જો અમે ત્યાં ભૂલ કરીશું, તો આગામી બેટ્સમેન માટે તે ખૂબ જ મુશ્કેલ બની જશે. તેથી જ મને લાગે છે કે યોગ્ય માનસિકતા અપનાવવી વધુ જરુરી છે."

જો તમે એક કે બે વિકેટ ગુમાવો છો, તો પણ તમે ક્રીઝ પર સમય વિતાવી શકો છો અને રમી શકો છો. મને લાગે છે કે આ અભિગમ અપનાવવાની જરૂર છે: જ્યારે વિકેટો ઝડપથી પડી રહી હોય, ત્યારે તમારે એક કે બે ઓવર સુધી દબાણનો સામનો કરવો પડે છે.




# 2026 FIFA વર્લ્ડ કપ : ટેક સ્ટ્રેસ ટેસ્ટ, ઈકોનોમિક પાવરહાઉસ અને AI ફેવરિટ

યુનાઈટેડ સ્ટેટ્સ, કેનેડા અને મેક્સિકો દ્વારા સંયુક્ત રીતે આયોજિત 2026 FIFA વર્લ્ડ કપ, ફક્ત રમતગમતના શો તરીકે જ નહી પરંતુ ઈન્ટરનેટ અને વૈશ્વિક અર્થતંત્ર દ્વારા સામનો કરવામાં આવેલી સૌથી મોટી ડિજિટલ અને આર્થિક દબાલ કસોટી તરીકે ઝડપથી ઉભરી રહ્યો છે. આ વર્ષના FIFA વર્લ્ડ કપના સત્તાવાર પ્રાયોજક બેંક ઓફ અમેરિકાએ ટુર્નામેન્ટને એક સીમાચિહ્નરૂપ "મેગા ઈવેન્ટ" તરીકે રજૂ કરી છે જે વિશ્વ ફૂટબોલ, ડેટા અને મીડિયાનો ઉપયોગ કેવી રીતે કરે છે તે ફરીથી આકાર આપશે.

### એક રેકોર્ડ બ્રેકિંગ ડિજિટલ સ્ટ્રેસ ટેસ્ટ

૨૦૨e આવૃત્તિમાં ૧૯ યજમાન શહેરોમાં ૧૦૪ મેચોમાં ૪૮ ટીમો ભાગ લેશે, જે લગભગ એક મહિના સુધી ચાલશે અને વિશ્વભરમાં અંદાજે છ અબજ દર્શકોને લક્ષ્ય બનાવશે. બેંક ઓફ અમેરિકાના ગ્લોબલ રિસર્ચ આર્મના વિશ્લેષકો ગણતરી કરે છે કે ૨૦૨૬ ની ફાઈનલ એક જ વિંડોમાં વૈશ્વિક ઈન્ટરનેટ ટ્રાફિકના ૭% સુધીનો વપરાશ કરી શકે છે, જેમાં સીધો ટુર્નામેન્ટ ડેટા ૯૦ પેટાબાઈટ્સથી વધુ હોઈ શકે છે, જે કતાર ૨૦૨૨ કરતા ૪૫ ગણો વધુ છે. જ્યારે AI સંચાલિત સિમ્યુલેશન્સ, સોશિયલ મીડિયા ચેટર અને ચાહક પ્રવૃત્તિનો સમાવેશ કરવામાં આવે છે, ત્યારે કુલ ડેટા બનાવટ બે એક્સાભાઈટ્સ સુધી પહોંચી શકે છે, જે લગભગ ૩૯ દિવસમાં ૪૫,000 વર્ષનો 4K વિડિઓ ઉત્પન્ન થાય છે.

બ્રોડકાસ્ટર્સ અને ટેક કંપનીઓ ૨૦૦ ટેરાબાઈટથી વધુ ભેન્ડવિથ રિઝર્વ માટે તૈયારી કરી રહી છે જેથી દરેક મુખ્ય મેચમાં ૫૦ મિલિયન જેટલા સહવર્તી દર્શકોને હેન્ડલ કરી શકાય, જે સંકેત આપે છે કે મોબાઈલ અને સ્ટ્રીમિંગ નેટવર્ક અભૂતપૂર્વ તાણ હેઠળ હશે. આ વર્લ્ડ કપ અસરકારક રીતે AI, એજ કમ્પ્યુટિંગ, પત્ર અને રીઅલ ટાઈમ ડેટા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના લાઈવ, ખંડ-વ્યાપી તણાવ પરીક્ષણ તરીકે બમણો થાય છે, જે સ્ટ્રીમિંગ અર્થતંત્ર અને નેટવર્ક સ્થિતિસ્થાપક્તાને તેમની મર્યાદા સુધી ધકેલી દે છે.

### ૪૧ બિલિયન ડોલરનું રોકાણ થીમ

ઓન-પિચ ડ્રામા પાછળ એક શક્તિશાળી રોકાણ કથા છે. બેંક ઓફ અમેરિકાના સંશોધન મુજબ ૨૦૨૬ વર્લ્ડ કપ લગભગ ૪૧ બિલિયન ડોલરના રોકાણનો વિષય છે, જેમાં સ્પોર્ટ્સ ટેક પ્લેટફોર્મથી લઈને એરલાઈન્સ, હોટલ, બ્રોડકાસ્ટર્સ અને ઓનલાઈન સટ્ટાબાજ ઓપરેટર્સ સુધીના FIFA જોડાયેલા હિસ્સેદારોનો સમાવેશ થાય છે. FIFA વર્લ્ડ ટ્રેડ ઓર્ગેનાઈઝેશનના સંયુક્ત અભ્યાસ મુજબ, આ ફ્રાન્સ વિરુદ્ધ સ્પેન: માનવ અનુમાન અને AI મતભેદ પિચ પર, બેંક ઓફ અમેરિકાના ગ્લોબલ રિસર્ચરિપોર્ટમાં ફ્રાન્સને ૨૦૨૬ ની ટ્રોફી જીતવા માટે ફેવરિટ તરીકે સ્થાન આપવામાં આવ્યું છે, જેમાં સ્ટાર ફોરવર્ડ કાયલિયન એમબાપ્પે ગોલ્ડન બુટ જીતવા અને ફાઈનલમાં મુખ્ય સ્થાન મેળવવા ટુર્નામેન્ટ વૈશ્વિક ઉત્પાદનમાં લગભગ ૮૦.૧ બિલિયન ડોલરનું ઉત્પાદન કરી શકે છે, GDPમાં ૪૦.૯ બિલિયન ડોલરનો ઉમેરો કરી શકે છે અને વિશ્વભરમાં આશરે ૮૨૪,000 નોકરીઓને ટેકો આપી શકે છે.

૨૦૨૫માં એકલા રમતગમત પ્રવાસનથી જ ₹૭૨ બિલિયન ડોલરની આવક થઈ હતી અને ૨030 સુધીમાં તે વૈશ્વિક રમતગમત ઉદ્યોગની આવકમાં ૪૧% હિસ્સો ધરાવતો હોવાનો અંદાજ છે, જે દવિ છે કે વર્લ્ડ કપ મુસાફરી, રહેવા, રેસ્ટોરાં, સ્પોર્ટસવેર અને ડિજિટલ જોડાણની માંગને કેવી રીતે વધારે છે. વોલ સ્ટ્રીટ, BofA અને અન્ય સંસ્થાઓ દ્વારા, આનો ઉપયોગ કયા ક્ષેત્રો - સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ, સાધનો ઉત્પાદકો, ચુકવણી ગેટવે અને સોશિયલ મીડિયા નેટવર્ક્સને ઈવેન્ટની આસપાસ ટ્રાફિક સ્પાઈક અને ચાહકોના મુદ્રીકરણથી સૌથી વધુ ફાયદો થરો તે ઓળખવા માટે પ્લેબુક તરીકે કરી રહી છે. માટે વ્યાપકપણે સંક્ત આપવામાં આવ્યા છે. ૯૫ વિશ્લેષકોના આંતરિક સર્વેક્ષણમાં, લગભગ ૪૦% લોકોએ ફ્રાન્સને ચેમ્પિયન તરીકે પસંદ કર્યું હતું. જ્યારે લગભગ એક ક્વાર્ટર ફ્રાન્સ-સ્પેન ફાઈનલની અપેક્ષા રાખે છે, જે બંને ટીમોની આસપાસના વાતાવરણને પ્રકાશિત કરે છે. છતાં જ્યારે બેક ઓઠ અમેરિકા AI મોડેલ્સ તરફ વળે છે, ત્યારે ચિત્ર બદલાય છે. બહુવિધ AI સંચાલિત સિમ્યુલેશન્સ સ્પેનને જીતવાની સમાન તક આપે છે, કેટલાક આઉટપુટ તો સ્પેનને ચેમ્પિયન તરીકે અને ફ્રાન્સને રનર્સ અપ તરીકે પણ પસંદ કરે છે. આ તફાવત દર્શાવ છે કે AI હવે ફક્ત એક સાઈડલાઈન ટૂલ નથી પરંતુ ટુર્નામેન્ટમાં એક સક્રિય 'નિયંત્રણ સ્તર' છેઃ દરેક ટીમને FIFAના ફૂટબોલ છે.મોપ્લેટફોર્મની ઍક્સેસ હશે, જે યુક્તિઓ, દબાણ અને સંક્રમણોને ઓપ્ટિમાઈઝ કરવા માટે વાસ્તવિક સમયમાં લાખો ડેટા પોઈન્ટ અને ૨,000+ પ્રદર્શન મેટ્રિક્સનું વિશ્લેષણ કરશે.

આ સંદર્ભમાં, ૨૦૨નો વર્લ્ડ કપ ફક્ત ફૂટબોલ ટુર્નામેન્ટ નથી, પરંતુ એનો વૈશ્વિક પ્રયોગ છે કે કેવી રીતે AI, પૈસા અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર એક એવા સ્તરે એકબીજાને છેદે છે જ્યાં સ્કોરબોર્ડ પરના પરિણામ પર રોકાણકારો અને નેટવર્ક એન્જિનિયરો અને ચાહકો જેટલી જ નજીકથી નજર રાખી શકે છે.

# વરુણ ચક્રવર્તી થયો ઈજાગ્રસ્ત? KKRના કેપ્ટન અજિંક્ય રહાણેએ આપ્યું મોટું

કોલકાતા નાઈટ રાઈડર્સે ઉત્તમ બોલિંગ અને ફિલ્ડિંગના કારણે દિલ્હી કેપિટલ્સને 142 રન સુધી મર્યાદિત રાખ્યું, પછી ફિન એલનની સદીના કારણે 15મી ઓવરમાં ટાર્ગેટ હાંસલ કર્યું. KKR એ 8 વિકેટે જીત મેળવી. પરંતુ વરુણ ચક્રવર્તી બોલિંગ કરતી વખતે લંગડાતો જોવા મળ્યો અને થોડા સમય માટે બાઉન્ડ્રી પર તેની સારવાર કરવામાં આવી. મેચ પછી અજિંક્ય રહાણેએ તેની સ્થિતિ વિશે અપડેટ આપ્યું અને કહ્યું કે તે ઠીક છે. દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં અજિંક્ય રહાણેએ ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો. દિલ્હીની શરૂઆત સારી રહી, જેમાં ઓપનર પથુમ નિસાન્કાએ અડધી સદી ફટકારી. કેએલ રાહુલે 14 બોલમાં 23 રનની મહત્વપૂર્ણ ઈનિંગ રમી, પરંતુ પછી વિકેટોનો સિલસિલો શરૂ થયો, અને ડીસી દબાણમાં આવી ગયું. વરુણ ચક્રવર્તી મેદાનમાં પીડામાં દેખાતો હતો અને થોડો લંગડાતો પણ હતો. તેને બાઉન્ડ્રીની નજીક સારવાર આપવામાં આવી હતી, પરંતુ તેણે મેદાન છોડતા પહેલા તેની ચાર ઓવર ફેંકી હતી. મેચ પછી વરુણ ચક્રવર્તી વિશે અજિંક્ય રહાણેએ કહ્યું કે "તે સંપૂર્ણપણે ઠીક છે અને બોલિંગ કરતી વખતે ખુશ થાય છે. જ્યારે તે ફિલ્ડિંગ કરે છે, ત્યારે તે ફક્ત અંદર જવા માગે છે, પણ તે ઠીક છે." દિલ્હી કેપિટલ્સ સામે વરુણ ચક્રવર્તીએ પોતાની 4 ઓવરમાં 28 રન આપ્યા, પરંતુ તે એક પણ વિકેટ લેવામાં નિષ્ફળ રહ્યો. ટીમના અન્ય અનુભવી સ્પિનર સુનીલ નારાયણે પોતાની 4 ઓવરમાં 17 રન આપીને 1 વિકેટ લીધી. અજિંક્ય રહાણેએ સુનીલ નારાયણ વિશે કહ્યું કે તેને પોતાની રમત રમવા દેવી બેસ્ટ છે. આપણે ભાગ્યશાળી છીએ કે આપણી ટીમમાં વરુણ ચક્રવર્તી અને સુનીલ નારાયણ જેવા ખેલાડીઓ છે. કોલકાતા નાઈટ રાઈડર્સ ફરી એકવાર પોતાની જીતનો સિલસિલો શરૂ કરી ચૂક્યું છે. KKR પોતાની પહેલી 6 મેચમાં જીત વગર રહ્યું હતું, પરંતુ છેલ્લી 4 મેચમાં પ્રભાવશાળી જીત નોંધાવી છે.

# 23 રન બનાવીને કેએલ રાહુલે રચી નાંખ્યો ઈતિહાસ, IPLમાં આવું કરનાર પહેલો બેટ્સમેન

દિલ્હી કેપિટલ્સ (DC)ના ઓપનિંગ બેટ્સમેન કેએલ રાહુલે ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં એક મોટી સિદ્ધિ હાંસલ કરી. અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે દિલ્હી કેપિટલ્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) વચ્ચેની મેચ દરમિયાન રાહુલે એક એવો રેકોર્ડ બનાવ્યો જે અત્યાર સુધી કોઈ અન્ય બેટ્સમેન હાંસલ કરી શક્યો ન હતો. જોકે તેની ઈનિંગ માત્ર 23 રન સાથે સમાપ્ત થઈ આ ટૂંકી ઈનિંગે તેને IPL ઈતિહાસમાં એક ખાસ સ્થાન અપાવ્યું. કેએલ રાહુલ ત્રણ અલગ અલગ આઈપીએલ ફ્રેન્ચાઈઝી માટે 1,000 કે તેથી વધુ રન બનાવનાર પ્રથમ બેટ્સમેન બન્યો છે. તેણે પંજાબ કિંગ્સ (PBKS) માટે 2,548 રન અને લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) માટે 1,410 રન બનાવ્યા છે. રાહુલે હવે દિલ્હી કેપિટલ્સ માટે 1,006 રન બનાવ્યા છે.



કે એલ રાહુલ IPLમાં એવો પહેલો બેટ્સમેન બન્યો છે જેણે 3 અલગ-અલગ ટીમો માટે 1000થી વધુ રન બનાવ્યા છે. તેણે પંજાબ કિંગ્સ માટે 2548 રન, લખનૌ સુપર જાયન્ટ્સ માટે 1410 રન અને હવે દિલ્હી કેપિટલ્સ માટે પણ 1006 રન કર્યા છે. આ તેમના સતત સારા પ્રદર્શન અને દરેક ટીમમાં પોતાને સાબિત કરવાની ક્ષમતા બતાવે છે.

આ સાથે જ કે એલ રાહુલ દિલ્હી કેપિટલ્સ માટે સૌથી ઝડપથી 1000 રન બનાવનાર ખેલાડી પણ બન્યો છે. તેણે માત્ર 23 ઈનિંગ્સમાં આ સિદ્ધિ મેળવી. પહેલા આ રેકોર્ડ જેપી ડુમિની અને ઋષભ પંતના નામે હતો જેમણે 35-35 ઈનિંગ્સમાં 1000 રન પૂર્ણ કર્યા હતા.

કે એલ રાહુલની ઈનિંગ્સ લાંબી ચાલી નહીં. પાંચમા ઓવરની છેલ્લી બોલ પર કાર્તિક ત્યાગીએ ધીમા (સ્લો) બોલથી તેમને ચકમો આપ્યો. રાહુલે કવર ઉપર શોટ મારવાનો પ્રયાસ કર્યો, પણ બોલને યોગ્ય રીતે હિટ કરી શક્યા નહીં. પરિણામે બોલ મિડ-ઓન તરફ ગયો અને ત્યાં કેમેરોન ગ્રીને સરળ કેચ પકડી લીધો. આ મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સના કેપ્ટન અજિંક્ય રહાણેએ ટોસ જીતીને પહેલા બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. કોલકાતા ટીમે પોતાની પ્લેઈંગ ઈલેવનમાં કોઈ ફેરફાર કર્યો નહીં. બીજી તરફ દિલ્હી કેપિટલ્સે વિપ્રજ નિગમ અને મુકેશ કુમારને તક આપી, જ્યારે ટી નટરાજન અને કરુણ નાયરને બહાર બેસાડવામાં આવ્યા.

# વધી યશસ્વી જયસ્વાલની મુશ્કેલી, NADAની નોટિસ, શેફાલી વર્મા પણ તપાસના દાયરામાં

## ભારતીય ક્રિકેટરો યશસ્વી જયસ્વાલ અને શેફાલી વર્મા અંગે એક મોટા સમાચાર સામે આવ્યા છે. નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (NADA) એ બંને સ્ટાર ક્રિકેટરોને નોટિસ ફટકારી




ભારતીય ક્રિકેટરો યશસ્વી જયસ્વાલ અને શેફાલી વર્મા અંગે એક મોટા સમાચાર સામે આવ્યા છે. નેશનલ એન્ટી-ડોપિંગ એજન્સી (NADA) એ બંને સ્ટાર ક્રિકેટરોને નોટિસ ફટકારી છે. બંને ખેલાડીઓ સામે 'વ્હેરઅબાઉટ્સ ફેલ્યોર' નિયમ હેઠળ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. 'વ્હેરઅબાઉટ્સ ફેલ્યોર' નિયમ એ ડોપિંગ વિરોધી પ્રોટોકોલ સાથે જોડાયેલો નિયમ છે, જેના હેઠળ ખેલાડીએ આ જાણ કરવી જરૂરી છે જેથી ડોપ ટેસ્ટ કરી શકાય.

સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને ખેલાડીઓ પહેલી વાર ટેસ્ટ ચૂકી ગયા છે. જોકે, NADA એ તેમને ખુલાસો રજૂ કરવાની તક આપી છે, અને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) ને પણ આ સમગ્ર પ્રક્રિયાથી વાકેફ કરવામાં આવ્યા છે. યશસ્વી જયસ્વાલ અને શેફાલી વર્મા બંને NADA ના રજિસ્ટર્ડ ટેસ્ટિંગ પૂલ (RTP) નો ભાગ છે.

RTP માં સામેલ ખેલાડીઓએ એજન્સીને ડોપ ટેસ્ટ માટે કયા સમય અને સ્થાન પર ઉપલબ્ધ થશે તે અંગે અગાઉથી જાણ કરવી જરૂરી છે. ત્યારબાદ, ડોપિંગ કંટ્રોલ ઓફિસર (DCO) નક્કી સમય દરમિયાન કોઈપણ સમયે નમૂના લેવા માટે નિયુક્ત સ્થાન પર પહોંચી શકે છે. અહેવાલો અનુસાર, યશસ્વી જયસ્વાલનો ડોપ ટેસ્ટ 17 ડિસેમ્બરે થવાનો હતો, જ્યારે શેફાલી વર્માનો ટેસ્ટ 7 નવેમ્બરે થવાનો હતો. જોકે, જ્યારે DCO નક્કી સ્થાન પર પહોંચ્યા, ત્યારે બંને ખેલાડીઓમાંથી કોઈ પણ હાજર ન હોવાનું જાણવા મળ્યું. ત્યારબાદ, NADA એ ફેબ્રુઆરીમાં બંને ખેલાડીઓને સ્પષ્ટીકરણ નોટિસ ફટકારી હતી. યશસ્વી જયસ્વાલ પાસેથી 18 ફેબ્રુઆરી સુધીમાં અને શેફાલી પાસેથી 20 ફેબ્રુઆરી સુધીમાં જવાબ માંગવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને ખેલાડીઓ તરફથી કોઈ જવાબ ન મળતાં, એજન્સીએ તેમની સામે પ્રથમ 'મિસ્ડ ટેસ્ટ' નોંધ્યો હતો.

જોકે, આ કેસ હાલમાં સીધા ડોપિંગ ઉલ્લંઘનની શ્રેણીમાં આવતો નથી. ડોપિંગ વિરોધી નિયમો અનુસાર, જો કોઈ ખેલાડી 12 મહિનાના સમયગાળામાં ત્રણ 'કેન્દ્રીય નિષ્ફળતા' માટે દોષિત ઠરે છે, તો તેને ડોપિંગ વિરોધી નિયમનું ઉલ્લંઘન માનવામાં આવી શકે છે. આવી સ્થિતિમાં, જો ખેલાડી NADA સુનાવણી દરમિયાન પોતાની નિર્દોષ સાબિત કરવામાં નિષ્ફળ જાય છે, તો તેને બે વર્ષ સુધીનો પ્રતિબંધ લાગી શકે છે.

હાલમાં, યશસ્વી અને શેફાલી બંને પાસે પોતાનો પક્ષ રજૂ કરવાની તક છે. જો કે, આ બાબતથી ભારતીય ક્રિકેટમાં ડોપિંગ વિરોધી નિયમો અંગે એક નવી ચર્ચા શરૂ થઈ છે - ખાસ કરીને કારણ કે બંને ખેલાડીઓને ભારતીય ક્રિકેટનું ભવિષ્ય માનવામાં આવે છે અને તાજેતરના સમયમાં તેમણે શાનદાર પ્રદર્શન કર્યું છે.

યશસ્વી જયસ્વાલ હાલમાં ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026 માં રાજસ્થાન રોયલ્સ (RR) વતી રમી રહી છે. દરમિયાન, શેફાલી વર્માએ ICC મહિલા ક્રિકેટ વર્લ્ડ કપ 2025 માં ભારતની ટાઈટલ જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. શેફાલીએ ગયા મહિને દક્ષિણ આફ્રિકાના પ્રવાસ દરમિયાન પાંચ મેચની મહિલા T20 શ્રેણીમાં ભાગ લીધો હતો.

# ટીમ ઈન્ડિયાના ભૂતપૂર્વ ખેલાડીએ વેપિંગ કેસ પર વ્યક્ત કર્યો ગુસ્સો, કહ્યું- "આ લોકોને જેલમાં..."

ઈન્ડિયન પ્રીમિયર લીગની 19મી સીઝનમાં ખેલાડીઓ દ્વારા વારંવાર પ્રોટોકોલના ઉલ્લંઘનને લઈને BCCIએ તમામ ફ્રેન્ચાઈઝીઓને આઠ પાનાની નવી માર્ગદર્શિકા જાહેર કરી છે. વેપિંગ અથવા ઈ-સિગારેટ આ પાછળનું એક મુખ્ય કારણ માનવામાં આવે છે. રાજસ્થાન રોયલ્સના કેપ્ટન રિયાન પરાગનો ડ્રેસિંગ રૂમમાં ધૂમ્રપાન કરતો એક વીડિયો સામે આવ્યો હતો, ત્યારબાદ પંજાબ કિંગ્સના લેગ-સ્પિનર યુઝવેન્દ્ર ચહલનો ફ્લાઈટમાં વેપિંગ કરતો એક વીડિયો સામે આવ્યો હતો.



BCCIએ પરાગના કેસમાં કાર્યવાહી કરી હતી, પરંતુ યુઝવેન્દ્ર ચહલના સંદર્ભમાં હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જાહેર કરવામાં આવ્યું નથી. ભૂતપૂર્વ ભારતીય ખેલાડી લક્ષ્મણ શિવરામકૃષ્ણને આ અંગે કડક પ્રતિક્રિયા આપી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા ફ્લાઈટની અંદર યુઝવેન્દ્ર ચહલના વેપિંગના વીડિયોને અર્શદીપ સિંહના પોડકાસ્ટમાંથી વાયરલ ક્લિપ સાથે જોડવામાં આવી રહ્યો છે. પરંતુ હજુ સુધી એ સ્પષ્ટ નથી કે આ વીડિયો સાચો છે કે તેની સાથે છેડછાડ કરવામાં આવી છે, કારણ કે BCCI કે કોઈ સત્તાવાર એજન્સી તરફથી કોઈ પુષ્ટિ મળી નથી. લક્ષ્મણ શિવરામકૃષ્ણને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં લખ્યું છે કે જો દેશમાં વેપિંગ પર પ્રતિબંધ છે, તો જો આ લોકોએ આવું કર્યું હોય તો તેમને જેલમાં જવું જોઈએ. જો તેનો અમલ ન થાય તો કાયદો બનાવવાનો શું અર્થ છે? આ કિસ્સામાં 25 ટકા દંડ ખૂબ જ નાની સજા છે. જો કોઈ સામાન્ય વ્યક્તિએ આવું કર્યું હોય, તો તેમની સામે શું કાર્યવાહી કરવામાં આવશે? BCCI દ્વારા IPL ફ્રેન્ચાઈઝીઓને જાહેર કરાયેલા આઠ પાનાની નવી માર્ગદર્શિકામાં ઈ-સિગારેટનો પણ ઉલ્લેખ છે, જેમાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે ટીમ ડ્રેસિંગ રૂમ, પ્રેક્ટિસ એરિયા અને ટીમ હોટલમાં ઈ-સિગારેટ અને તમામ પ્રતિબંધિત પદાર્થોનો ઉપયોગ સખત પ્રતિબંધિત છે. આ નિયમોનું ઉલ્લંઘન કરનાર કોઈપણ વ્યક્તિ કડક કાર્યવાહીનો સામનો કરશે.

# શ્રેયસ અય્યર નહીં, આ ખેલાડીને T20 કેપ્ટન બનાવવાની તૈયારીમાં છે BCCI



BCCI હવે ટી20 ફોર્મેટ માટે નવા કેપ્ટન વિશે વિચારણા કરી રહી છે. પહેલા એવી ચર્ચા હતી કે શ્રેયસ અય્યૈરને કેપ્ટન બનાવવામાં આવી શકે કારણ કે તેમણે પોતાની કેપ્ટન્સીમાં KKRને ચેમ્પિયન બનાવ્યું હતું અને દિલ્હી તથા પંજાબ જેવી ટીમોને પણ ફાઈનલ સુધી પહોંચાડી હતી. પરંતુ હવે કેટલીક રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવી રહ્યો છે કે સંજુ સેમસનને ભારતનો નવો ટી20 કેપ્ટન બનાવવામાં આવી શકે છે.

ટી20 વર્લ્ડ કપ 2024 પછી રોહિત શર્માએ આ ફોર્મેટમાંથી સંન્યાસ લીધો હતો. ત્યારબાદ સૂર્યકુમારને ટીમ ઈન્ડિયાનો ટી20 કેપ્ટન બનાવવામાં આવ્યો. તેમની કેપ્ટન્સીમાં ભારતે આ વર્ષે ટી20 વર્લ્ડ કપ જીત્યો હતો. ખાસ વાત એ છે કે ધોની, રોહિત અને કોહલી સહિત 50થી વધુ મેચોમાં કેપ્ટન્સી કરનારા ભારતીય કેપ્ટનોમાં સૂર્યકુમાર યાદવનો જીતનો ટકા સૌથી વધુ રહ્યો છે.

ભારતીય ટીમની આગામી ટી20 સિરીઝ જૂનમાં આયરલેંન્ડ સામે છે જ્યાં ટીમ ઈન્ડિયા 2 મેચોની સિરીઝ રમશે. ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે 5 ટી20 મેચોની સિરીઝ રમાશે. રિપોર્ટ મુજબ આયરલેંન્ડ પ્રવાસમાં સૂર્યકુમાર યાદવ જ કેપ્ટન રહેશે પરંતુ ત્યારબાદ BCCI નવા કેપ્ટનની જાહેરાત કરી શકે છે.

હાલમાં એવી ચર્ચા ચાલી રહી છે કે BCCI સંજુ સેમસનના નામ પર ગંભીરતાથી વિચાર કરી રહી છે. ટી20 વર્લ્ડ કપ 2026માં સંજુએ બધા મેચ રમ્યા નહોતા, છતાં તેઓ ટૂર્નામેન્ટના શ્રેષ્ઠ ખેલાડી બન્યા હતા. તેમણે 5 ઈનિંગ્સમાં 321 રન બનાવી ભારત માટે સૌથી વધુ રન કર્યા હતા. ફાઈનલમાં પણ સંજુએ 89 રનની શાનદાર ઈનિંગ રમી હતી. તે 2024ની ચેમ્પિયન ટીમનો પણ ભાગ રહ્યા હતા. સંજુ સેમસને IPLમાં ઘણા વર્ષો સુધી રાજસ્થાન રોયલ્સની કેપ્ટનશીપ કરી હતી. બાદમાં CSKએ તેમને ટ્રેડ દ્વારા પોતાની ટીમમાં સામેલ કર્યા હતા. તેમની નેતૃત્વ ક્ષમતા અને શાંત સ્વભાવને કારણે BCCI તેમને નવા ટી20 કેપ્ટન તરીકે જોઈ રહી છે. ઉપરાંત તેઓ વિકેટકીપર પણ છે જેથી મેદાન પર ટીમને સારી રીતે સંભાળવામાં મદદ મળે છે.

શું ખરાબ ફોર્મના કારણે સૂર્યકુમાર યાદવની કેપ્ટન્સી જઈ શકે? તેમની કેપ્ટન્સીમાં ટીમ ઈન્ડિયાએ ટી20માં શાનદાર પ્રદર્શન કર્યું છે. ભારતે તેમની આગેવાનીમાં 52 મેચ રમી જેમાંથી 42 મેચ જીતી હતી. પરંતુ સૂર્યકુમાર યાદવનું વ્યક્તિગત પ્રદર્શન ચિંતાજનક રહ્યું છે. તેમણે 40 મેચોમાં માત્ર 921 રન બનાવ્યા છે, જેમાં 6 અડધી સદી સામેલ છે. તેમનો સર્વોચ્ચ સ્કોર 84 રન રહ્યો, જે તેમણે અમેરિકા સામે બનાવ્યો હતો.

# હવેથી ટ્રેનની ટિકિટ બુક કરવી સરળ પડશે, 40 વર્ષ બાદ બદલાઈ રહી છે આ સિસ્ટમ

ટ્રેનમાં મુસાફરી કરતા કરોડો મુસાફરો માટે ભારત સરકાર તરફથી એક ખૂબ જ મોટા સમાચાર સામે આવ્યા છે. ભારતીય રેલવે તેના દાયકાઓ જૂના પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમ (PRS) ને સંપૂર્ણપણે બદલવાની તૈયારી કરી રહ્યું છે. રેલવે મંત્રાલયે સત્તાવાર રીતે જાહેરાત કરી છે કે 1986 થી કાર્યરત 40 વર્ષ જૂની ટિકિટ બુકિંગ સિસ્ટમને હવે હાઈટેક બનાવવામાં આવશે. ઓગસ્ટ 2026 થી આ નવી અને અત્યાધુનિક સિસ્ટમ અમલમાં આવશે, જે પહેલા કરતા ઘણી વધુ ઝડપી, સ્માર્ટ અને સુરક્ષિત હશે. અત્યાર સુધી મુસાફરોને ટિકિટ બુકિંગ દરમિયાન સ્લો સર્વર અથવા વેબસાઈટ હેંગ થવાની જે સમસ્યાઓનો સામનો કરવો પડતો હતો, તે હવે ભૂતકાળ બની જશે.

આ નવી સિસ્ટમ લાવવા પાછળનું મુખ્ય કારણ વધતો જતો ટ્રાફિક અને ટેકનોલોજીનું આધુનિકીકરણ છે. રેલવેના જણાવ્યા મુજબ, હાલની સિસ્ટમ ચાર દાયકા જૂની છે અને તેમાં સમયાંતરે નાના-મોટા ફેરફારો કરવામાં આવ્યા હતા, પરંતુ હવે વધતી માંગને પહોંચી વળવા માટે તે સક્ષમ નથી. નવી ટેકનોલોજીથી સજ્જ આ સિસ્ટમમાં ટ્રાફિક લોડને હેન્ડલ કરવાની ક્ષમતા અનેકગણી વધી જશે. મુસાફરોને હવે ટિકિટ કેન્સલેશન અને રિફંડની પ્રક્રિયામાં પણ પહેલા કરતા વધુ સારો અનુભવ મળશે. સૌથી મહત્વની વાત એ છે કે આ સિસ્ટમ ભવિષ્યના દાયકાઓના ટ્રાફિકને ધ્યાનમાં રાખીને ડિઝાઈન કરવામાં આવી છે.




**1986થી ચાલતી જૂની પદ્ધતિનું સ્થાન લેશે અને એક મિનિટમાં 1.5 લાખ ટિકિટ બુક કરવાની ક્ષમતા ધરાવશે**

નવી રિઝર્વેશન સિસ્ટમની સ્પીડ વિશે વાત કરીએ તો તે અકલ્પનીય હશે. વર્તમાનમાં રેલવેની સિસ્ટમ એક મિનિટમાં આશરે 32000 ટિકિટ બુક કરવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ નવું PRS સોફ્ટવેર એક મિનિટમાં 1.5 લાખથી વધુ ટિકિટ બુક કરી શકશે. એટલું જ નહીં, ટિકિટ પૂછપરછની ક્ષમતા (Inquiry Capacity) માં પણ મોટો વધારો કરવામાં આવ્યો છે. હવે નવું સર્વર એક મિનિટમાં 40 લાખથી વધુ ઈન્ક્વાયરી રિક્વેસ્ટને હેન્ડલ કરી શકશે. આ સુધારાનો સૌથી મોટો ફાયદો 'તત્કાલ' ટિકિટ બુકિંગ સમયે જોવા મળશે, જ્યારે લાખો લોકો એકસાથે લોગ-ઈન કરે છે અને સર્વર ક્રેશ થવાની ભીતિ રહે છે.

તત્કાલ ટિકિટ બુકિંગમાં થતા ફ્રોડ અને ફેક બુકિંગને રોકવા માટે રેલવે હવે સિક્યુરિટી ફીચર્સ પર વધુ ભાર આપી રહ્યું છે. રેલવે મંત્રાલયે પહેલેથી જ ઓટીપી (OTP) આધારિત બુકિંગ અને વેરિફાઈડ યુઝર્સ જેવી સુવિધાઓ શરૂ કરી દીધી છે, પરંતુ નવી સિસ્ટમમાં તેને વધુ મજબૂત બનાવવામાં આવશે. તેનાથી સામાન્ય મુસાફરો માટે કન્ફર્મ તત્કાલ ટિકિટ મેળવવી સરળ બનશે. આ ઉપરાંત, રિફંડની પ્રક્રિયા વધુ ઝડપી બનશે, જેથી મુસાફરોને તેમના પૈસા પરત મેળવવા માટે લાંબો સમય રાહ જોવી નહીં પડે.

રેલવે દ્વારા લોન્ચ કરવામાં આવેલી 'RailOne' એપ્લિકેશન પણ મુસાફરોમાં અત્યંત લોકપ્રિય બની રહી છે. માત્ર એક જ વર્ષમાં આ એપના 3.5 કરોડથી વધુ ડાઉનલોડ્સ થયા છે. આ એપમાં માત્ર ટિકિટ બુકિંગ જ નહીં, પણ લાઈવ ટ્રેન સ્ટેટસ, પ્લેટફોર્મની વિગત અને રિફંડની સ્થિતિ જેવી અનેક સુવિધાઓ એક જ જગ્યાએ ઉપલબ્ધ છે. આ એપનું સૌથી આકર્ષક ફીચર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) પર આધારિત વેઈટલિસ્ટ પ્રિડિક્શન છે. રેલવેનો દાવો છે કે તેની સચોટતા (Accuracy) હવે 94 ટકા સુધી હશે, જેનાથી મુસાફરો જાણી શકશે કે તેમની વેઈટિંગ ટિકિટ કન્ફર્મ થશે કે નહીં.

## એક વાર રોકાણ, અને પછી માત્ર વ્યાજથી કરો ₹4.50 લાખની કમાણી

પોસ્ટ ઓફિસની સેવિંગ સ્કીમ્સ આજના સમયમાં ઘણી પોપ્યુલર થઈ રહી છે. તેમાં સૌથી મહત્વનો રોલ તેના રિસ્ક ફ્રી એટલે કે Zero Risk થયા છે. હકીકતમાં પોસ્ટ ઓફિસ સ્કિમમાં કોઈ પણ નાના-મોટા રોકાણ પર સુરક્ષાની ગેરંન્ટી ખુદ સરકાર આપે છે એટલે કે તેમાં લગાવા આવેલ પૂરા પૈસા પૂરી રીતે સુરક્ષિત રહે છે. તે ઉપરાંત આ યોજનાઓમાં જોરદાર વ્યાજ પણ મળી આવે છે, જે તમને મોટા ફંડને લઈ નિયમિત ઈનકમ સુધીની ગેરંન્ટી આપે છે.




પોસ્ટ ઓફિસ નેશનલ સેવિંગ્સ સર્ટિફિકેટ (PO NSC) યોજના પર સરકાર દ્વારા આપવામાં આવતા વ્યાજની વાત કરીએ તો, હાલમાં રોકાણ પર 7.7% વ્યાજ મળે છે. આ યોજના હેઠળ કરવામાં આવેલા રોકાણ પર વ્યાજ ચક્રવૃદ્ધિ ધોરણે ગણવામાં આવે છે અને પરિપક્વતા પર રોકાણકારના ખાતામાં જમા થાય છે. જો કે, રોકાણકારને યોજનાનો સંપૂર્ણ લાભ ત્યારે જ મળે છે જો રોકાણ નિર્ધારિત લોક-ઈન સમયગાળા દરમિયાન જાળવવામાં આવે, જે પાંચ વર્ષ માટે નક્કી કરવામાં આવ્યો છે. તે પછી જ તમને સંપૂર્ણ વ્યાજ રકમ ચૂકવવામાં આવશે.

જો આપણે પોસ્ટ ઓફિસ દ્વારા ઓફર કરવામાં આવતી આ સરકારી યોજનાની મુખ્ય વિશેષતાઓ પર નજર કરીએ, તો વ્યક્તિ ફક્ત 1,000 રુપિયાથી રોકાણ શરૂ કરી શકે છે. આ ઉપરાંત મહત્તમ રોકાણ માટે કોઈ ઉપલી મર્યાદા નક્કી નથી એટલે કે તમે જેટલું વધુ રોકાણ કરશો, તેટલું વધુ વળતર તમને મળશે. સાથે જ NSC યોજના બાળકના નામે એકાઉન્ટ ખોલવાની સુવિધા મળે છે. નિયમો અનુસાર, માતા-પિતા 10 વર્ષથી ઓછી ઉંમરના બાળકનું એકાઉન્ટ ચલાવી શકે છે. આ સરકારી યોજના હેઠળ, રોકાણ પર મળેલ વ્યાજ પાંચ વર્ષ પછી ટ્રાન્સફર કરવામાં આવે છે. આ યોજના કર મુક્તિનો લાભ પણ આપે છે. એક નાણાકીય વર્ષમાં વ્યક્તિ મહત્તમ 1.5 લાખ રુપિયા સુધીની ટેક્સ બચત કરી શકે છે.

Post Office NSC Scheme હેઠળ ફક્ત વ્યાજમાંથી 4 લાખ રુપિયાથી વધુની કમાણીની ગણતરી કરવી ખૂબ જ સરળ છે. આ પ્રાપ્ત કરવા માટે તમારે 10 લાખ રુપિયાનું એકમ રોકાણ કરવું જરૂરી છે. 7.7% ના Post Office NSC Schemeના આધારે તમારે પાંચ વર્ષના લોક-ઈન સમયગાળા માટે રોકાણ ચાલુ રાખવું જરુરી છે. આ પછી, તમારા રોકાણ પર કુલ ભંડોળ મૂલ્ય 14,49,034 રુપિયા થશે. ખાસ વાત એ છે કે, ફક્ત વ્યાજમાંથી થતી કમાણી 4,49,034 થશે. તમે તમારા રોકાણની રકમ વધારીને પણ વધુ વળતર મેળવી શકો છો.

## ફાઈબર કે લોખંડનું કૂલર? ઉનાળામાં કયું રહેશે બેસ્ટ; જાણી લો અહીંયા

ઉનાળામાં તાપમાન વધતા જ ઘરને ઠંડું રાખવાની જરૂરિયાત વધી જાય છે. દરેક વ્યક્તિ પાસે AC લગાવવાનું બજેટ નથી હોતુ તેથી મોટા ભાગના લોકો એર કૂલરનો ઉપયોગ કરે છે. આજકાલ બજારમાં લોખંડ (મેટલ) બોડી કૂલર, પ્લાસ્ટિક બોડી કૂલર અને નવા ફાઈબર બોડી કૂલર જેવા અનેક વિકલ્પો ઉપલબ્ધ છે. એવામાં લોકોના મનમાં પ્રશ્ન થાય છે કે કયુ કૂલર વધુ સારું છે અને કયું ઓછું વીજળી વાપરે છે. તો ચાલો જાણીએ કે ફાઈબર બોડી કૂલર અને લોખંડના કૂલરમાંથી કયું વધુ બેસ્ટ છે અને કયુ કૂલર ઓછી વીજળી ખર્ચે છે.

લોખંડના કૂલર ઘણા સમયથી સૌથી વધુ ઉપયોગમાં લેવાતા કૂલર છે. આ કૂલર મજબૂત અને લાંબા સમય સુધી ચાલતા હોય છે. મોટા રૂમ અને હોલ માટે તે સારી અને તેજ હવા આપે છે. તેમાં પાણી રાખવાની ક્ષમતા પણ વધુ હોય છે અને હવા દૂર સુધી પહોંચે છે. પરંતુ આવા કૂલર ભારે હોય છે એટલે સરળતાથી એક જગ્યાથી બીજી જગ્યાએ લઈ જવું મુશ્કેલ બને છે. સાથે જ તેમાં કાટ લાગવાનો ભય રહે છે. સામાન્ય રીતે આ કૂલર થોડું વધારે વીજળી વાપરે છે અને અવાજ પણ વધુ કરી શકે છે.

ફાઈબર બોડી કૂલર આજકાલનું નવું અને અપગ્રેડેડ વિકલ્પ માનવામાં આવે છે. આ કૂલર સંપૂર્ણ લોખંડ કે સામાન્ય પ્લાસ્ટિકના નથી હોતા પરંતુ હલકા અને મજબૂત હોય છે. તેમાં કાટ લાગવાનો કોઈ ભય રહેતો નથી. ફાઈબર કૂલરની ડિઝાઈન વધુ સ્ટાઈલિશ અને પ્રીમિયમ હોય છે. તે પ્લાસ્ટિક કરતાં વધુ ટકાઉ માનવામાં આવે છે અને સામાન્ય રીતે ઓછી વીજળી વાપરે છે. જોકે તેની કિંમત થોડું વધુ હોઈ શકે છે અને દરેક જગ્યાએ સરળતાથી ઉપલબ્ધ ન પણ હોય.

જો વીજળી બચાવવાની વાત કરીએ તો ફાઈબર બોડી કૂલર સૌથી ઓછું વીજળી ખર્ચે છે. પ્લાસ્ટિક કૂલર પણ ઓછી વીજળી વાપરે છે જ્યારે લોખંડનો કૂલર થોડું વધુ વીજળી લે છે. તેનું મુખ્ય કારણ એ છે કે નવા ફાઈબર અને પ્લાસ્ટિક કૂલરમાં હલકી મોટર અને નવી ટેકનોલોજીનો ઉપયોગ થાય છે. ઠંડકની વાત કરીએ તો તે માત્ર કૂલરની બોડી પર આધાર રાખતી નથી. મોટરનો પાવર, ફેનની સાઈઝ, કૂલિંગ પેડ અને પાણીની ક્ષમતા પણ મહત્વની હોય છે. સામાન્ય રીતે મોટા રૂમ માટે લોખંડનો કૂલર વધુ અસરકારક માનવામાં આવે છે જ્યારે નાના અને મધ્યમ કદના રૂમ માટે ફાઈબર અને પ્લાસ્ટિક કૂલર વધુ સારા વિકલ્પ ગણાય છે.



## 5.21 લાખની કિંમત, 26.78 કિમીનું માઈલેજ, નવા અવતારમાં આવી આ 6 સીટર કાર




મારુતિ સુઝુકી એન્ટ્રી-લેવલ ભારતીય વાન માર્કેટમાં પ્રભુત્વ ધરાવે છે. કેમ કે આ સેગમેન્ટમાં કોઈ કોમ્પીટીશન જ નથી, મારુતિ સુઝુકીની વાન વર્ચ્યુઅલ રીતે યુનિક છે. જેમાં અમે વાત કરી રહ્યા છીએ મારુતિ સુઝુકી ઈકો વિશે. કંપની દર મહિને આ વાનના આશરે 10,000 યુનિટ વેચે છે. માર્ચ 2026 માં કંપનીએ ઈકોના 11,333 યુનિટ વેચ્યા.

હવે મારુતિ સુઝુકી વેચાણ વધારવા માટે કંપનીએ એક નવું એડિશન, મારુતિ સુઝુકી ઈકો સ્ટાર એડિશન લોન્ચ કર્યું છે. આ ખાનગી વાન ખરીદદારોને ટાર્ગેટ બનાવશે. સ્ટાર એડિશન સાથે કંપની ગ્રાહકોને સ્ટાન્ડર્ડ ઈકો કરતા થોડું પ્રીમિયમ ફીલ આપવાનો ઉદેશ્ય છે.

તમારે આ વાનની સ્ટાન્ડર્ડ કિંમત કરતાં વધારાના 19,999 રૂપિયા ખર્ચ કરવા પડશે. જેમાં મારુતિએ અગાઉ સ્ટાર એડિશન ઓફર કરી હતી પરંતુ તે સમયે તેની કિંમત 37,999 રૂપિયા વધુ હતી. હવે તેની કિંમત માત્ર 19,999 રૂપિયા વધુ છે. Eeco ની કિંમત 5.21 લાખ (એક્સ-શોરૂમ) રૂપિયા થી શરૂ થાય છે અને 6.36 લાખ (એક્સ-શોરૂમ) રૂપિયા સુધી જાય છે. આ વાન પેટ્રોલ અને CNG બંને વેરિઅન્ટમાં ઉપલબ્ધ છે. સ્ટાર એડિશન મેટાલિક બ્રિસ્ક બ્લુ અને મેટાલિક ગ્લિસ્ટેનિંગ ગ્રેમાં ઉપલબ્ધ હશે. સ્ટાર એડિશનમાં બંને છેડા પર બોડી-કલર્ડ બમ્પર પણ આવે છે. કંપની મુજબ આ સ્ટાર એડિશનમાં 18 એસેસરીઝનો સમાવેશ થશે. જેમાં રીઅર સ્પોઈલર, ફોગ લેમ્પ્સ, ઈન્ટિરિયર સ્ટાઈલિંગ કીટ, સીટ કવર, સ્ટાઈલિશ વ્હીલ કવર, ક્રોમ એમ્બ્લેમ, ડોર વિઝર્સ અને મડ ફ્લૅપ સેટ આવશે. આ સુવિધાઓ ફેક્ટરી-ફિટેડ હશે કે ડીલર-ઈન્સ્ટોલ કરેલી હશે તે બહાર આવ્યું નથી.

વાન 1.2-લિટર પેટ્રોલ એન્જિન સાથે આવે છે. આ એન્જિન 81 bhp પાવર અને 105.5 Nm ટોર્ક પેદા કરે છે. તે 5-સ્પીડ મેન્યુઅલ ગિયરબોક્સ સાથે આવે છે. જે પેટ્રોલ એન્જિન પ્રતિ લિટર 19.71 કિલોમીટર માઈલેજ આપે છે. સીએનજી પર આ કાર પ્રતિ કિલોગ્રામ 26.78 કિલોમીટરની એવરેજ આપે છે. મારુતિ સુઝુકી ઈકો 5-સીટર અને 6-સીટર બંને પ્રકારના કન્ફિગરેશનમાં આવે છે.

### BSNLનો ખાસ પ્લાન! માત્ર ₹225માં 2.5GB ડેઈલી ડેટા અને અનલિમિટેડ કોલિંગનો લાભ

ભારતની સરકારી ટેલિકોમ ઓપરેટર, ભારત સંચાર નિગમ લિમિટેડ (BSNL), તેના વપરાશકર્તાઓ માટે ₹225 ની કિંમતનો શાનદાર પ્રીપેડ પ્લાન ઓફર કરે છે. આ પ્લાનની ખાસ વાત એ છે કે તે અમર્યાદિત વૉઈસ કૉલિંગ, 100 દૈનિક SMS અને 2.5GB દૈનિક ડેટા પ્રદાન કરે છે. આ ₹225 યોજના સમગ્ર દેશમાં પ્રીપેડ સબ્સ્ક્રાઈબર્સ માટે ઉપલબ્ધ છે. આ યોજનાની સેવા માન્યતા 30 દિવસ છે. તેના આધારે, આ યોજનાનો ઉપયોગ કરવાનો સરેરાશ દૈનિક ખર્ચ ₹7.50 થાય છે. આ યોજના સાથે સંકળાયેલ એક સંભવિત ખામી નેટવર્ક ગુણવત્તા હોઈ શકે છે, જે સામાન્ય રીતે ખાનગી ટેલિકોમ ઓપરેટરોની તુલનામાં થોડી નબળી માનવામાં આવે છે. BSNL નો ₹225 યોજના કોઈપણ વધારાના લાભો અથવા વધારાના લાભો સાથે આવતી નથી. જો કે, તે નોંધપાત્ર પ્રમાણમાં ડેટા પ્રદાન કરે છે અને ખાનગી ટેલિકોમ કંપનીઓ દ્વારા ઓફર કરાયેલા પ્લાન કરતાં નોંધપાત્ર રીતે વધુ સસ્તું છે. જો તમે સારા BSNL 4G કવરેજવાળા વિસ્તારમાં રહો છો, તો આ પ્લાન ચોક્કસપણે તમારા માટે એક ઉત્તમ વિકલ્પ સાબિત થઈ શકે છે. આ ₹225 નો પ્લાન એવા વપરાશકર્તાઓ માટે બનાવવામાં આવ્યો છે જેમને ટૂંકા ગાળા માટે મોટી માત્રામાં ડેટાની જરૂર હોય છે. વૈકલ્પિક રીતે, તમે વધુ સસ્તા પ્લાન પસંદ કરી શકો છો જે લાંબા ગાળાની માન્યતા પ્રદાન કરે છે. BSNL એ પહેલાથી જ ભારતના ઘણા ભાગોમાં તેનું 4G નેટવર્ક શરૂ કરી દીધું છે, અને તેનું કવરેજ સતત વિસ્તરી રહ્યું છે. કંપની હાલમાં TCS, Tejas Networks અને C-DoT સાથે નેટવર્ક સાઈટ્સ માટે વધુ ઓર્ડર આપવા માટે કેબિનેટની મંજૂરીની રાહ જોઈ રહી છે.

## હવે Insta ચેટ્સ હેકર્સના નિશાને! બંધ થઈ ગયું આ ફીચર

મેટાએ ઈન્સ્ટાગ્રામ પર મેસેજિંગમાં એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન (E2EE) માટે સપોર્ટ બંધ કરી દીધો છે. ઈન્સ્ટાગ્રામે 2023 માં પ્લેટફોર્મ પર આ ફીચર લોન્ચ કર્યું હતું. પરંતુ તે હવે 8 મે 2026 થી યુઝર્સ માટે ઉપલબ્ધ નહીં રહે. જેને સરળ શબ્દોમાં સમજવું હોય તો તમારી ઈન્સ્ટાગ્રામ મેસેજ ચેટ્સ હવે પ્રાઈવેટ નહીં રહે.



મેટાએ અગાઉ માર્ચમાં એક બ્લોગ પોસ્ટમાં ઈન્સ્ટાગ્રામ યુઝર્સને આ ફેરફાર વિશે માહિતી આપી હતી. જેમાં કંપનીએ જણાવ્યું હતું કે જો તમારી ચેટ્સ આ ફેરફારથી પ્રભાવિત થાય છ તો તમે તમારી પસંદગીના કોઈપણ મીડિયા કે મેસેજને કેવી રીતે ડાઉનલોડ કરવા તે અંગે નિર્દેશ દેખાશે. આ ફેરફાર લાગુ થયા બાદ યુઝર્સને પ્રાઈવેટ રાખવા માંગતા સંવેદનશીલ ચેટ્સ ડાઉનલોડ અને બેકઅપ લેવાની મંજૂરી આપવાનો ઉદેશ્ય હતો.

એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શનના અંત સાથે ટેકનીકલ નોલેજ ધરાવનાર કોઈપણ વ્યક્તિ આ મેસેજને ઍક્સેસ કરી શકે છે. મતલબ કે તમારી ચેટ્સ હવે હેકર્સ માટે સંવેદનશીલ છે, કેમ કે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન ગુમાવવાથી જોખમ વધે છે. આ ફેરફાર ઈન્સ્ટાગ્રામ યુઝર્સને સીધી અસર કરશે. જેમાં મેટાએ ઉલ્લેખ કર્યો નથી કે તે તેની બીજી એપ્લિકેશનો, જેમ કે ફેસબુક મેસેન્જર અને વોટ્સએપમાં આ ફેરફારો કરવાની યોજના ધરાવે છે કે નહીં.

આ બદલાવ પાછળનું એક કારણ ચાઈલ્ડ સેફ્ટી હોવાનું માનવામાં આવે છે. આ વર્ષના માર્ચમાં ન્યૂ મેક્સિકોમાં એક જ્યુરીએ મેટાને 375 મિલિયન ડોલર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્શન દૂર કરવાથી કંપનીને જરૂર પડ્યે મેસેજને સ્કેન કરવાની મંજૂરી મળી શકે છે જેથી ચાઈલ્ડ સંબંધિત, ગ્રૂમિંગ કે બીજા પ્રકારની ઉત્પીડન ધરાવતું કન્ટેન્ટ શોધી શકાય અને ફ્લેગ કરી શકાય.

## નવો પણ ખતરનાક વાયરસ મળ્યો, માણસોને કરી શકે છે બીમાર

વિશ્વમાં ફરી એક વાર એક નવા વાયરસને લઈ ચિંતાનો માહોલ ઊભો થયો છે. થાઈલેન્ડના ચાચોએંગસાઓ પ્રાંતમાં વૈજ્ઞાનિકોએ એક નવો કોરોના વાયરસ શોધ્યો છે, જે મનુષ્યોમાં ચેપ લાવવા સક્ષમ છે. ટોક્યો યુનિવર્સિટીના પ્રોફેસર કેઈ સાતોના નેતૃત્વ હેઠળની ટીમે આ શોધ કરી છે. નવો વાયરસ SARS-CoV-2 (COVID-19 નો મુખ્ય કારણ) જેવા લક્ષણો ધરાવે છે, જેનાં કારણે વૈજ્ઞાનિકો ભવિષ્યમાં તેની ખતરનાક અસરને લઈ ચિંતામાં મુકાયા છે. અહેવાલોનું માનીએ તો અભ્યાસ અનુસાર આ વાયરસ ક્લેડ બી જૂથનો છે, જે SARS-CoV-2 સાથે સંબંધિત છે. વૈજ્ઞાનિકોએ ઘોડાની નાળના ચામાચીડિયામાંથી નમૂના લઈ પ્રયોગશાળામાં ચકાસણીઓ કરી અને દેખાયું કે વાયરસ માનવ કોષોમાં ACE2 રીસેપ્ટર સાથે જોડાઈ શકે છે. આનો અર્થ એ થાય છે કે માનવ શરીરમાં પ્રવેશવાની ક્ષમતા છે. છતાં, પ્રયોગોમાં વાયરસ ધીમો છે અને પ્રાણીઓમાં ઝડપથી ફેલાતો નથી. પ્રોફેસર કેઈ સાતોના મતે આ નવો વાયરસ તાત્કાલિક ખતરો નથી. હાલની COVID-19 રસી અને દવાઓ તેના સામે અસરકારક છે. જોકે વૈજ્ઞાનિકો ચિંતિત છે કારણ કે ચામાચીડિયામાં રહેલા વાયરસ સતત પરિવર્તનશીલ છે. નાના જ ફેરફારો પણ તેને વધુ ચેપી અને ખતરનાક બનાવી શકે છે. આ વાયરસ થાઈલેન્ડમાં યુનાન અને ઉત્તરી લાઓસમાંથી ચામાચીડિયાના નેટવર્ક દ્વારા પ્રવેશી ગયો હશે.

### Jioનો કોલિંગ પ્લાન! ડેટાની જરૂર ના હોય તો અનલિમિટેડ કોલિંગ માટે કરાવો આ સસ્તો પ્લાન

જેમને મોબાઈલ ઈન્ટરનેટની ચોક્કસ જરૂરિયાત નથી અથવા જેમની કાર્ય જરૂરિયાતો ઘર અથવા ઓફિસ Wi-Fi દ્વારા પૂરતી પૂર્ણ થાય છે - તેમના માટે Jio નો ₹448 નો પ્લાન અત્યંત ફાયદાકારક છે. તે તમને અમર્યાદિત કૉલિંગ અને SMS સેવાઓ બંને પ્રદાન કરે છે. વધુમાં, જો તમને અલગ ડેટા પેકની જરૂર હોય, તો તમે સરળતાથી એક ખરીદી શકો છો, જેમાં ₹11 થી શરૂ થતા વિકલ્પો છે. આજના સમયમાં, લોકો માટે બે મોબાઈલ નંબરનો ઉપયોગ કરવો સામાન્ય છે. જો તમે Jio યુઝર છો અને તમારા સેકન્ડરી નંબર પર કોલિંગ અને SMS સેવાઓ સક્રિય રાખવા માંગો છો, તો Jioનો આ 84-દિવસનો પ્લાન એક ઉત્તમ વિકલ્પ સાબિત થઈ શકે છે. સૌથી અગત્યનું, આ પ્લાન ખાતરી કરે છે કે તમારી કોલિંગ અને SMS સેવાઓ કાર્યરત રહે, જેનાથી તમારા સિમ કાર્ડના નિષ્ક્રિય થવાનો ભય દૂર થાય છે - અને ત્યારબાદ ઉપયોગના અભાવને કારણે તે નિષ્ક્રિય થઈ જાય છે અથવા બીજા વપરાશકર્તાને ફરીથી ફાળવવામાં આવે છે. સારમાં, આ પ્લાન હેઠળ, તમે હવે ફક્ત તમારા નંબરને સક્રિય રાખી શકતા નથી પણ દર મહિને ₹160 થી ઓછા ખર્ચે તેનો સક્રિય ઉપયોગ પણ કરી શકો છો. હકીકતમાં, આ વિકલ્પ ફક્ત ₹11 માં નંબરને સક્રિય રાખવાની માનક પદ્ધતિ કરતાં શ્રેષ્ઠ છે. જ્યારે તે પદ્ધતિ ખરેખર તમારા નંબરને 90 દિવસ માટે સક્રિય રાખે છે, તે તમને કૉલ્સ અને SMS કરવા અથવા પ્રાપ્ત કરવા માટે તેનો ઉપયોગ કરવાની મંજૂરી આપતી નથી. આ ₹448 પ્લાન ફક્ત અમર્યાદિત કૉલિંગ અને SMS સુવિધાઓ જ પ્રદાન કરતું નથી.

## ટાટાની આ પોપ્યુલર SUV પર મળી રહ્યું છે 50,000 રૂપિયાનું ડિસ્કાઉન્ટ, ઓફર (મે મહિના) સુધી વેલીડ

*ટાટા મોટર્સ તેના અનેક મોડેલો પર ડિસ્કાઉન્ટ ઓફર કરી રહી છે. જેમાં તેની SUV Curve પર પણ ડિસ્કાઉન્ટ મળી રહ્યું છે*

મે 2026 દરમિયાન ટાટા મોટર્સ વિવિધ મોડેલો પર મોટું ડિસ્કાઉન્ટ આપી રહી છે. આ કંપનીની ફેમસ કૂપ SUV Curve પર પણ મોટું ડિસ્કાઉન્ટ મળી રહ્યું છે. આ દરમિયાન ગ્રાહકો ટાટા Curve પર 50,000 રૂપિયા સુધીની બચત કરી શકે છે. આ ઓફરમાં બીજા બેનીફીટ સાથે 30,000 રૂપિયાનું રોકડ ડિસ્કાઉન્ટ સામેલ છે.

### ડિઝાઈન અને ફીચર્સ

ટાટા Curveનું સૌથી મોટું આકર્ષણ તેની કૂપ જેવી ડિઝાઈન છે. ઢાળવાળી પાછળની છત તેને સ્પોર્ટ્સ કાર જેવો લુક આપે છે. ફ્લશ ડોર હેન્ડલ્સ અને કનેક્ટેડ LED DRL તેને ખૂબ જ ફ્યુચરીસ્ટીક બનાવે છે. અંદરના ભાગે તમને 12.3-ઈંચની મોટી ટચસ્ક્રીન, પેનોરેમિક સનરૂફ, વેન્ટિલેટેડ સીટો અને પાવરફુલ JBL સાઉન્ડ સિસ્ટમ મળે છે. આ સિવાય તેમાં 500-લિટરની મોટી બૂટ સ્પેસ પણ આવે છે.



જો આ SUVના એન્જિનની વાત કરીએ તો Curve પેટ્રોલ અને ડીઝલ બંને ઓપ્શન સાથે આવે છે. તેમાં ટાટાનું નવું 1.2-લિટર 'હાયપરિયન' પેટ્રોલ એન્જિન અને 1.5-લિટર 'ક્રાયોજેટ' ડીઝલ એન્જિન આવે છે. આ એન્જિન માત્ર પાવરફુલ નથી પણ સરળ ડ્રાઈવિંગ અનુભવ પણ આપે છે. પેટ્રોલ વેરિઅન્ટ આશરે 12 થી 15 કિમી/લીટરની માઈલેજ આપે છે અને ડીઝલ વેરિઅન્ટ આશરે 18 થી 22 કિમી/લીટરની માઈલેજ આપે છે. તે મેન્યુઅલ અને ઓટોમેટિક (DCA) ગિયરબોક્સ બંને સાથે મળે છે.

### સેફ્ટી અને કિંમત

ટાટાએ સેફ્ટી માટે ઘણા ટ્રાય કર્યા છે. જેમાં ટાટા Curve ને ઈન્ડિયા NCAP તરફથી 5-સ્ટાર સેફ્ટી રેટિંગ મળ્યું છે. તેમાં 6 એરબેગ્સ, 360-ડિગ્રી કેમેરા અને લેવલ 2 ADAS જેવી એડવાન્સ સુવિધાઓ સાથે પ્રમાણભૂત આવે છે. તેની શરૂઆતની એક્સ-શોરૂમ કિંમત આશરે 9.70 લાખ રૂપિયાથી શરૂ થાય છે. જે ટોપના મોડેલ માટે 19.10 લાખ રૂપિયા સુધી જાય છે.




મહારાણા પ્રતાપની જન્મ જયંતિ નિમિત્તે અમદાવાદમાં શાહીબાગ અંડરબ્રીજ પાસે પ્રસ્થાપિત મહારાણા પ્રતાપની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે રાજ્યકક્ષાના શહેરી વિકાસ મંત્રી દર્શનાબેન વાઘેલા, પૂર્વ મંત્રી ગોરધનભાઈ ઝડફિયા અને ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાતમાં આજથી ૧૫ મે સુધી હીટવેવની આગાહી : અમદાવાદમાં ઓરેન્જ એલર્ટ

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ,તા.૯

માવઠાની વિદાય બાદ હવે ગુજરાતમાં આકરી ગરમી પડવાની શરૂઆત થઈ ગઈ છે. હવામાન વિભાગે આગામી ૧૫ મે સુધી રાજ્યમાં આકરા હીટવેવની આગાહી કરી છે. ઉત્તર-પૂર્વ રાજસ્થાનમાં સર્જાયેલી વિશેષ સિસ્ટમને કારણે તાપમાનમાં હજુ પણ ૨ થી ૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતા છે, જેમાં તાપમાનનો પારો ૪૧ થી ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે. આવતીકાલથી અમદાવાદ સહિતના ૧૨ જિલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં ૬ દિવસ માટે ગરમીનું એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, જેનાથી લોકોને અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થશે.

આગામી અઠવાડિયા દરમિયાન રાજ્યમાં માથું ફાડી નાખે તેવી ગરમી પડશે. હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે એટલે કે ૧૦ મેના રોજ કચ્છ, દ્વારકા, પોરબંદર, રાજકોટ, ગીર સોમનાથ, અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર, બનાસકાંઠા, પાટણ, સુરત અને વડોદરામાં યલો એલર્ટ જાહેર કરાયુ છે .તો, સંઘ પ્રદેશ દીવમાં પણ ગરમીનું યલો એલર્ટ જાહેર કરાયું છે. સૌરાષ્ટ્ર-કચ્છ અને ગુજરાત રીજનમાં ૧૫ મે સુધી ગરમીનો આ પ્રકોપ યથાવત્ રહેવાની શક્યતા છે. કાળઝાળ ગરમીને જોતા બપોરના સમયે કામ વગર ઘરની બહાર ન નીકળવા લોકોને અપીલ કરવામાં આવી છે.

હાલમાં નોર્થ-ઈસ્ટ રાજસ્થાન પર એક સાયક્લોનિક સરક્યુલેશન સિસ્ટમ સક્રિય થઈ છે. આ સિસ્ટમને કારણે ગરમ પવનો સીધા ગુજરાત તરફ ફંટાઈ રહ્યા છે અને આ ભૌગોલિક ફેરફારને લીધે જ આગામી દિવસોમાં મહત્તમ તાપમાનમાં વધુ ૨ થી ૩ ડિગ્રીનો વધારો થશે. ગરમીના આંકડાની વાત કરીએ તો, રાજ્યમાં સૌથી વધુ ગરમી સુરેન્દ્રનગરમાં ૪૪.૩ ડિગ્રી નોંધાઈ ચૂકી છે, જ્યારે અમદાવાદમાં ૪૩ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૨ ડિગ્રીથી વધુ તાપમાન નોંધાયું છે. આજના પૂર્વાનુમાન મુજબ સૌથી વધુ ગરમી રાજકોટમાં નોંધાશે જ્યાં પારો ૪૪ ડિગ્રીને આંબી શકે છે. આ ઉપરાંત અમદાવાદ, ગાંધીનગર અને અમરેલીમાં ૪૩ ડિગ્રી, વડોદરા, ભુજ અને ડીસામાં ૪૨ ડિગ્રી, ભાવનગરમાં ૪૧ ડિગ્રી અને સુરતમાં ૩૯ ડિગ્રી રહેવાની સંભાવના છે.

બીજી તરફ, દરિયાકાંઠાના વિસ્તારોમાં પશ્ચિમથી ઉત્તર-પશ્ચિમ દિશાના પવનો ફૂંકાઈ રહ્યા છે. આ પવનોની ઝડપ ૧૫ થી ૨૦ નોટ્સ જેટલી રહેશે અને કેટલાક વિસ્તારોમાં તે વધીને ૨૫ નોટ્સ સુધી પણ પહોંચી શકે છે. ટૂંકમાં, આગામી ૬ થી ૭ દિવસ ગુજરાતવાસીઓએ આકરા તાપ અને લૂનો સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર રહેવું પડશે. ઉ જ, ૧૫ મેથી ૨૩ મે વચ્ચે બંગાળના ઉપસાગરમાં ચક્રવાતની શક્યતા છે.. જેનાથી રાજ્યના કેટલાક ભાગોમાં પ્રિ-મોનસૂન એક્ટિવિટીનો વરસાદ પણ વરસી શકે છે.

## મહેસાણામાં મહિલા પોલીસકર્મી સાયબર ફ્રોડનો શિકાર, OTP વગર રૂા. ૨.૮૪ લાખ તફડાવ્યા

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૯

સાયબર ગઠિયાઓએ સામાન્ય માણસ તો ઠીક પોલીસને પણ છેતરવામાં બાકી રાખ્યા નથી. મહેસાણામાં એક મહિલા પોલીસ કર્મચારી પોતે સાયબર ફ્રોડનો ભોગ બન્યા છે. નવાઈની વાત એ છે કે, અત્યંત ગોપનીય એવો વન ટાઈમ પાસવર્ડ () શેર કર્યા વગર જ તેમના બેંક ખાતામાંથી ૨.૮૫ લાખ રૂપિયાની માતબર રકમ ઉપડી ગઈ હતી.

પ્રાપ્ત વિગતો મુજબ મહેસાણામાં ફરજ બજાવતા ૩૬ વર્ષીય મહિલા પોલીસ કર્મી વિણાબેન ગોસ્વામી સાયબર ક્રાઈમનો શિકાર બન્યા છે. ગઠિયાઓએ અત્યંત ચાલાકી પૂર્વક તેમના બેંક એકાઉન્ટમાંથી નાણાકીય ઉચાપાત કરી હતી. વિણાબેનના જણાવ્યા અનુસાર તેમણે કોઈને પણ પોતાનો આપ્યો નહોતો કે કોઈ શંકાસ્પદ લિંક પર ક્લિક કર્યું નહોતું તેમ છતાં તેમના ખાતામાંથી ટુકડે-ટુકડે કુલ ?૨,૮૪,૩૩૪ જેટલી રકમ ગાયબ થઈ ગઈ હતી.

તપાસમાં સામે આવ્યું છે કે સાયબર માફિયાઓએ આ રકમ કોઈ એક જ જગ્યાએ નહીં, પરંતુ વિવિધ બેંકોના ૮ જેટલા અલગ-અલગ એકાઉન્ટ ધારકોના ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી. આ આયોજનબદ્ધ રીતે કરવામાં આવેલું ફ્રોડ હોવાનું જણાઈ રહ્યું છે. આ બાબતે મહિલા પોલીસકર્મીએ શહેરના એ ડિવિઝન પોલીસ સ્ટેસનમાં ફરિયાદ નોંધાવી છે.

## ઈન્સ્ટાગ્રામની જાહેરાતથી લલચાવી ટેલિગ્રામ મારફતે મેમ્બરશીપના નામે ઠગાઈ

# OTP વિના જ ગઠિયાએ ત્રણ ટ્રાન્જેક્શન કરી યુવકના ખાતામાંથી રૂપિયા પડાવ્યા

અમદાવાદ, તા.૯

શહેરમાં ઓનલાઈન છેતરપિંડીના બનાવો સતત વધી રહ્યા છે. સાયબર ગઠિયાઓ નવી નવી મોડસ ઓપરેન્ડી અપનાવીને નિર્દોષ લોકોને નિશાન બનાવી રહ્યા છે. ત્યારે જ ઈન્સ્ટાગ્રામ પર આપવામાં આવેલી જાહેરાત મારફતે યુવકને ફસાવી તેના બેંક ખાતામાંથી ઓટીપી વિના જ રૂપિયા ઉપાડી લેવાયાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. આ મામલે આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ શરૂ કરી છેવાસણાના હરિહરાનંદ ફ્લેટમાં રહેતા જૈનિશ જોષી થોડા દિવસ પહેલા ઓફિસમાં ઈન્સ્ટાગ્રામ પર રીલ્સ જોઈ રહ્યા હતા. તે દરમિયાન એક કોસ્મેટિક કંપનીની આકર્ષક જાહેરાત તેમની નજરે ચડી હતી. પ્રોડક્ટ સારી લાગતા તેમણે જાહેરાતમાં આપેલી લિંક પર ક્લિક કર્યું હતું. લિંક પર ક્લિક કરતા જ તેમને ટેલિગ્રામ એપ્લિકેશન મારફતે મેસેજ મળ્યો હતો, જેમાં જણાવાયું હતું કે કંપનીની પ્રોડક્ટ મેળવવા માટે પ્રથમ રૂ. ૧૯૯ની રજિસ્ટ્રેશન ફી ચૂકવવી પડશે. ત્યારબાદ જૈનિશે મળેલા ક્યુઆર કોડ સ્કેન કરીને મેમ્બરશીપ ફી ભરતાં સાથે આશરે રૂ. ૧૫૦૦ની પ્રોડક્ટ માટે પણ પેમેન્ટ કર્યું હતું. બાદમાં કાયમી મેમ્બરશીપના નામે વધુ રકમ પણ ચૂકવવામાં આવી હતી. થોડા સમય બાદ જૈનિશના ધ્યાનમાં આવ્યું કે તેમના બેંક ખાતામાંથી ઓટીપી વિના ૮ હજારના ત્રણ અલગ અલગ ટ્રાન્જેક્શન થઈ ગયા હતા. છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં તેમણે તરત જ આનંદનગર પોલીસનો સંપર્ક કર્યો હતો.આ બનાવ અંગે પોલીસે સાયબર એક્સપર્ટની મદદથી તપાસ શરૂ કરી છે. પ્રાથમિક તપાસમાં ટેલિગ્રામ ચેનલ મારફતે ક્યુઆર કોડ મોકલીને મેમ્બરશીપના નામે છેતરપિંડી કરવાનો નવો કાવતરાખોર મોડસ ઓપરેન્ડી સામે આવ્યો હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં દરરોજ આધેડો, યુવાનો અને મહિલાઓ સાઈબર ક્રાઈમનો ભોગ બની રહ્યા છે રોજના લાખો રૂપિયા ગુમાવી રહ્યા છે સાયબર ક્રાઈમ અને સાયબર માફિઆથી બચવા માટે લોકોમાં જાગૃતિ આવે તેના માટે તંત્ર દ્વારા સતત પ્રયાસ કરવામાં આવી રહ્યા છે તેમ છતાં સાયબર ગઠિયા લોકોને ઠગવામાં સફળ બની રહ્યા છે.

## બાઈક પર આવેલા બે ગઠિયા સોનાની ચેન ઝૂંટવી ફરાર થયા

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેરના સાબરમતી રામનગર સ્થિત સ્મૃતિ મંદિર પાસે દૂધ લેવા નીકળેલા એક યુવકના ગળામાંથી કાળા કલરની પલ્સર બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો રૂ. ૬૦,૦૦૦ની કિંમતની સોનાની ચેન અને ડાયમંડ પેન્ડલની લૂંટ ચલાવી નાસી છૂટ્યા હતા. ભોગ બનનાર યુવકે આ મામલે સાબરમતી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે વધુ તપાસ હાથ ધરી છે. વિગતો મુજબ, સાબરમતીના રામનગર વિસ્તારમાં રહેતા અને બોપલ રોડ પર કાપડના શો-રૂમમાં નોકરી કરતા મોક્ષાર્થ પ્રવિણચંદ્ર વોરા ગત સવારે સવા નવ વાગ્યાની આસપાસ સ્મૃતિ મંદિર પાછળ આવેલા અમૂલ પાર્લરથી દૂધ લઈને પરત ફરી રહ્યા હતા.

આ દરમિયાન સ્મૃતિ મંદિરના પાછળના ગેટ પાસે પાછળથી આવેલી બાઈક પરના બે ગઠિયાઓએ મોક્ષાર્થભાઈના ગળામાંથી ૫.૦૭૦ ગ્રામની સોનાની ચેન અને હીરાનું પેન્ડલ આંચકી લીધું હતું. અચાનક થયેલા હુમલાથી ગભરાયેલા યુવકે બૂમાબૂમ કરી હતી, પરંતુ આરોપીઓ ગણતરીની સેકન્ડોમાં પલાયન થઈ ગયા હતા. ભોગ બનનારે આસપાસના સીસીટીવી કેમેરા તપાસ્યા હતા, પરંતુ બાઈકનો નંબર ટ્રેસ થઈ શક્યો નહોતો. અંતે પિતરાઈ ભાઈ સાથે પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવતા પોલીસે ફરિયાદ અને CCTV ના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

## વાડજ પોલીસની કસ્ટડીમાંથી ફરાર આરોપીને ક્રાઈમબ્રાન્ચે દબોચ્યો

પ્રતિનિધિ તરફથી, અમદાવાદ, તા.૯

અમદાવાદના વાડજ પોલીસને થાપ આપીને ગંભીર ગુનાનો આરોપી ફરાર થયા બાદ ગણતરીના કલાકોમાં ફરી ઝડપાયો છે. રામાપીરના ટેકરા વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની સગીરાના અપહરણ અને પોક્સો એક્ટ હેઠળના ગુનામાં સંડોવાયેલા ૨૩ વર્ષીય આરોપી અશોક સુરેશ ડાભાણીને તાજેતરમાં જ રાજસ્થાનના માઉન્ટ આબુ ખાતેથી ટેકનિકલ સર્વેલન્સની મદદથી ઝડપી લેવામાં આવ્યો હતો. ધરપકડ બાદની કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે જ્યારે પોલીસની ટીમ આરોપીને સિવિલ હોસ્પિટલ ખાતે મેડિકલ પરીક્ષણ કરાવીને પરત લાવી રહી હતી. ત્યારે સવારે પાંચ વાગ્યા આસપાસ પોલીસ સ્ટેશનના દરવાજા પાસે જ આરોપી પોલીસકર્મીઓ સાથે ઝપાઝપી કરી અંધારાનો લાભ ઉઠાવી ભાગી ગયો હતો. આ ઘટના બનતાની સાથે જ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું હતું અને આરોપીને શોધી કાઢવા માટે ગતિવિધિ તેજ બનાવી હતી.

આરોપી કસ્ટડીમાંથી ફરાર થતા જ શહેરના ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તાત્કાલિક અલગ-અલગ ટીમોની રચના કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને જોતા અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ પણ તપાસમાં જોડાઈ હતી. ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી ક્રાઈમ બ્રાન્ચે આરોપીના લોકેશનને ટ્રેક કરવાનું શરૂ કર્યું હતું. ગણતરીના કલાકોમાં જ ક્રાઈમ બ્રાન્ચને ચોક્કસ માહિતી મળી હતી કે આરોપી શહેરના ચંદ્રનગર બ્રિજ પાસે છુપાયેલો છે.

આ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે વોચ ગોઠવીને આરોપી અશોક ડાભાણીને ઝડપી પાડ્યો હતો. આરોપી પોલીસની પકડથી બચવા માટે સતત સ્થળ બદલી રહ્યો હતો પરંતુ ક્રાઈમબ્રાન્ચની બાજ નજરથી તે બચી શક્યો નહોતો. આરોપીને ઝડપી પાડ્યા બાદ તેને ફરીથી વાડજ પોલીસને સોંપવામાં આવ્યો છે.

### એર કૂલર અને ગ્રીન નેટથી અપાશે ઠંડક

## ૪૦ ડિગ્રીથી વધુ તાપમાનમાં વન્ય જીવો માટે કાંકરિયા ઝૂ સુસજ્જ

અમદાવાદ, તા.૯

અમદાવાદમાં ઉનાળાનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી ગયો છે ત્યારે મનુષ્યોની સાથે સાથે પ્રાણી સંગ્રહાલયના અબોલ જીવોને ગરમીથી બચાવવા માટે વહીવટી તંત્ર દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. કાંકરિયા ખાતે આવેલા અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત કમલા નેહરુ પ્રાણી સંગ્રહાલયમાં વન્યજીવોને હીટવેવથી રક્ષણ આપવા માટે હાઈટેક સુવિધાઓ અમલમાં મૂકવામાં આવી છે. કાંકરિયા પ્રાણી સંગ્રહાલયમાં હાલ ૨૧૯૦ જેટલા પ્રાણીઓ, પક્ષીઓ અને સરિસૃપો વસવાટ કરે છે. તાપમાનના વધારાથી બચાવવા માટે સિંહ, વાઘ, દીપડા અને હાથી જેવા પ્રાણીઓના પાંજરા પાસે ૩૮ થી ૪૦ જેટલા એર કૂલર લગાવવામાં આવ્યા છે. નિશાચર પ્રાણીઓ માટેના ઝૂમાં ETHE અને જીઓ-થર્મલ એરેશન સિસ્ટમ કાર્યરત છે, જે અંદરનું તાપમાન સાનુકૂળ રાખે છે. સૂર્યના સીધા કિરણોથી બચાવવા માટે પાંજરાઓ પર ગ્રીન નેટ બાંધવામાં આવી છે અને યોગ્ય શેલ્ટરની વ્યવસ્થા કરાઈ છે. પ્રાણીઓમાં ડિહાઈડ્રેશનની સમસ્યા ન સર્જાય તે માટે વેટરનરી ડોક્ટરોની ટીમ દ્વારા સતત નિરીક્ષણ કરવામાં આવે છે. ગરમીમાં ઠંડક આપવા માટે પ્રાણીઓને તરબૂચ, ટેટી અને શેરડી જેવા ફળો આપવામાં આવે છે. વન્યજીવોના પીવાના પાણીમાં ગ્લુકોઝ અને ઈજી પાઉડર ઉમેરવામાં આવે છે જેથી શરીરમાં પાણીનું સ્તર જળવાઈ રહે. વિદેશી પ્રાણીઓ પર ગરમીની વધુ અસર ન થાય તે માટે વેક્સિનેશન, ડિવોર્મિંગ અને મેડિકલ ચેકઅપ માટે રેગ્યુલર રાઉન્ડ લેવામાં આવે છે. વેકેશનના સમયમાં અંદાજે ૩ લાખ જેટલા પ્રવાસીઓ મુલાકાત લેતા હોવાથી તેમના માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. મુલાકાતીઓ માટે ઝૂ સવારે ૯થી સાંજના ૭ વાગ્યા સુધી ખુલ્લું રાખવામાં આવે છે. પ્રવાસીઓ માટે પાણીની પરબ, ઠંડક માટે એર કૂલર, ગ્રીન નેટનો છાયડો અને વોટર પોઈન્ટ્સ ઉપલબ્ધ છે.

## નાના ચિલોડા નજીકથી રૂ. ૮.૭૮ લાખના એમડી ડ્રગ્સ સાથે બે આરોપીઓ પકડાયા

પ્રતિનિધિ તરફથી અમદાવાદ, તા.૯

અમદાવાદ એસઓજી ક્રાઈમે નાના ચિલોડા નરોડા રોડ ખાતે ચોક્કસ બાતમીને આધારે બે શખસોને ૮.૭૮ લાખના એમડી ડ્રગ્સ સાથે ઝડપ્યા છે. આ બન્ને આરોપીઓ રાજસ્થાનના બે શખસો પાસેથી મેફેડ્રોન અથવા મેથાએમ્ફેટામાઈન ડ્રગ્સનો જથ્થો મેળવતા હતા અને ત્યારબાદ શહેરમાં છુટક વેચાણ કરતા હોવાનું જણાયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ શુક્રવારે રાત્રે એસઓજી ક્રાઈમ બ્રાન્ચની ટીમને નાના ચિલોડા નરોડા રોડ ખાતે બે શખસો એમડી ડ્રગ્સનું વેચાણ કરતા હોવાની ચોક્કસ બાતમી મળી હતી. જેને આધારે પોલીસ ટીમે સંજયનગર તરફ જતા રોડ પર ચામુંડા મોટરના સામે સાઈડમાં ઉભેલી એક સફેલ રંગની ગાડીમાં શંકાસ્પદ પ્રવૃતિ થતી હોવાનું જણાયું હતું. પોલીસે ગાડીને કોર્ડન કરીને ચાલકનું નામઠામ પૂછતાં તેણે પોતાનું નામ દિલીપકુમાર ચોથુરામ તાલાપા (ઉ.૨૮, રહે. પેનાસિયા રેસિ. નરોડા) જણાવ્યું હતું. બાજુંની સીટ પર બેઠેલો શખસ લેખરાજસિંહ મદનસિંહ ચૌહાણ (ઉ.૩૪, રહે. નીલકંઠ ફ્લેટ, નાના ચિલોડા) હતો. બન્ને પાસેથી પોલીસને ૮૭.૭૮૦ ગ્રામ એમડી ડ્રગ્સ મળ્યું હતું. ડ્રગ્સ સહિત રૂ.૧૧.૯૨ લાખનો મુદ્દામાલ પોલીસે જપ્ત કરી આરોપીએ વિરુદ્ધ એનડીપીએસની કલમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

પોલીસની પ્રાથમિક પૂછપરથમાં બન્ને શખસોએ જણાવ્યું કે, આ જથ્થો રાજસ્થાનના નાગોર જિલ્લાના ગુડ્ડા ગામે રહેતા દિલીપના ભાણેજ ગોપાલરામ ખારેડિયાએ મોકલ્યો હતો અને તે રાજસ્થાનના બ્યાવરમાં નરેશ નામના શખસ પાસેથી મેળવ્યો હતો. સપ્લાયર નરેશ મુસ્લિમ છે પરંતુ તેને બધા આ નામથી ઓળખતા હોવાની હકીકત તેમણે જણાવી હતી.

### વટવા મર્ડર કેસ

## ૩૪ વર્ષ પહેલાં પત્નીની હત્યા કરી લાશ ખાળકૂવામાં દાટી દેનાર પતિ અને જેઠ ઝડપાયા

અમદાવાદ, તા.૯

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વર્ષ ૧૯૯૨માં વટવા વિસ્તારમાં થયેલી એક યુવતીની હત્યાનો ભેદ ઉકેલીને કાયદો અને વ્યવસ્થાના ક્ષેત્રમાં મોટી સફળતા મેળવી છે. ૩૪ વર્ષ જૂના આ ગુનામાં ક્રાઈમ બ્રાન્ચે મૃતક મહિલાના પતિ અને તેના જેઠની ધરપકડ કરી છે. આરોપીઓએ યુવતીની હત્યા કર્યા બાદ તેની લાશને ઘરના જ ખાળકૂવોમાં દાટી દઈ પુરાવા મિટાવવાનો પ્રયાસ કર્યો હતો.

વર્ષ ૧૯૯૨માં વટવા વિસ્તારમાં ફરજાના નામની યુવતીની હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરીને ઘરમાં દાટેલો મૃતદેહ બહાર કાઢ્યો હતો અને વૈજ્ઞાનિક પદ્ધતિથી તપાસ શરૂ કરી હતી. DNA સેમ્પલ મૃતકના ભાઈના DNA સાથે મેચ થયા હતા અને અન્ય પુરાવાઓના આધારે આ ગુનામાં કુલ ૪ લોકોની સંડોવણી સામે આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચે આ હાઈ-પ્રોફાઈલ કેસમાં મૃતક ફરજાનાનો પતિ સમસુદ્દીન ખેડાવાળા, ઈકબાલ ખેડાવાળા મૃતકનો જેઠની ધપકડ કરી છે. આ બંને આરોપીઓ હાલ અમદાવાદના જમાલપુર વિસ્તારમાં રહેતા હોવાનું સામે આવ્યું હતું. તપાસ દરમિયાન એ પણ જાણવા મળ્યું છે કે આ હત્યામાં સામેલ અન્ય બે આરોપીઓના અગાઉ મૃત્યુ થઈ ચૂક્યા છે. જેમાં સાલિયા બીબીનું ૧૪ વર્ષ પહેલાં અવસાન થયું હતું અને અન્ય એક આરોપી અબ્દુલ કરીમનું પણ મૃત્યુ થઈ ગયું છે. અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના એસીપી (ACP) ભરત પટેલે જણાવ્યું હતું કે, ટેકનિકલ સોર્સ અને જૂના રેકોર્ડ્સના આધારે આ વણઉકેલાયેલા ગુનાને ડિટેક્ટ કરવામાં આવ્યો છે. આરોપીઓએ વર્ષો સુધી આ રહસ્ય છુપાવી રાખ્યું હતું, પરંતુ ડીએનએ રિપોર્ટ પોઝિટિવ આવતા આખરે સત્ય સામે આવ્યું છે.

પોલીસની પ્રાથમિક માહિતી મુજબ, મૃતક મહિલાનું નામ ફરજાના હતું અને તે મૂળ ધોળકાની હતી.

### કૌટુંબિક ઝઘડાનું સમાધાન કરવાના બહાને બોલાવી સગા ભાઈની હત્યા કરી હતી

# જુહાપુરામાં પુત્રની કરપીણ હત્યા કેસમાં માતા, પુત્ર, પુત્રીને આજીવન કેદની સજા

અમદાવાદ, તા.૯

જુહાપુરા-ફતેવાડી વિસ્તારમાં કૌટુંબિક ઝઘડાનું સમાધાન કરવાના બહાને બોલાવી સગા ભાઈની હત્યા કરવાના ચકચારી કેસમાં અમદાવાદ ગ્રામ્ય કોર્ટે મહત્ત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. કોર્ટે આ ગુનામાં સંડોવાયેલા મૃતકના સગા ભાઈ, માતા અને બહેનને તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા અને દંડ ફટકાર્યો છે. કોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે, પ્રસ્તુત કેસમાં આરોપીઓએ એકબીજાની મદદગારીથી ખૂન કર્યાનું પુરવાર થાય છે. પરંતુ આ કેસ 'રેરેસ્ટ ઓફ ધી રેર' કેસમાં પડતો ન હોવાથી દેહાંત દંડને બદલે આરોપીઓને આજીવન કેદની સજા કરવી ન્યાયોચિત છે. જુહાપુરા ફતેવાડી પાસે રહેતા ઈર્શાદ મોહંમદ ઈકબાલ શેખને તેના પરિવાર સાથે અગાઉથી મનદુઃખ ચાલતું હતું. હત્યાના બે દિવસ પહેલા પણ પરિવારમાં ઉગ્ર ઝઘડો થયો હતો. આ વિવાદના અંત માટે અને સમાધાનની વાતચીત કરવાના બહાને તારીખ ૩ જૂન, ૨૦૨૨ના રોજ ઈર્શાદના ઘરે તેના ભાઈ મોહંમદસાન મોહંમદ ઈકબાલ શેખ, માતા ખાતુનબીબી શેખ અને બહેન રેશ્માબાનું સમીરખાન પઠાણ પહોંચ્યા હતા. વાતચીત દરમિયાન મામલો બિચક્યો હતો અને ત્રણેય આરોપીઓએ ઉશ્કેરાઈ જઈને એકસંપ થઈ ઈર્શાદ પર જીવલેણ હુમલો કર્યો હતો.

આરોપીઓએ ઈર્શાદના ગળાના ભાગે તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકીને ગળું અડધું કાપી નાખ્યું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મૃત્યુ નીપજ્યું હતું. આ ઘટના બાદ વેજલપુર પોલીસે મોહંમદસાન, તેની માતા અને બહેન સામે હત્યાનો ગુનો નોંધી તેમની ધરપકડ કરી હતી.આ કેસ અમદાવાદ ગ્રામ્ય કોર્ટમાં ચાલ્યો હતો. સરકારી વકીલે દલીલો કરતા જણાવ્યું હતું કે, આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચીને અત્યંત ક્રૂર રીતે હત્યાને અંજામ આપ્યો છે. આખોય કેસ નિઃશંકપણે પુરવાર થાય છે ત્યારે આરોપીઓને સખ્તમાં સખ્ત સજા કરવી જોઈએ. આવી રજૂઆત બાદ કોર્ટે આરોપી મોહંમદસાન શેખ, ખાતુનબીબી શેખ અને રેશ્માબાનું પઠાણને ખૂનના ગુનામાં દોષિત ઠેરવી આજીવન કેદની સજાનો હુકમ કર્યો છે.

દિવેલાની ખેતી - પ્રગતિની કેડી
ખેડુત ભાઈઓ માટે ખાસ ભલામણ
પ્રગતિ સર્ટીફાઈડ હાઈબ્રીડ બિયારણ
• જી.સી.એચ - ૭
સુકારા અને કૃમિ સામે પ્રતિકારક
• જી.સી.એચ - ૪
સુકારા સામે અંશતઃ પ્રતિકારક
• જી.સી.એચ - ૨
મૂળના કહોવારા સામે પ્રતિકારક
પ્રગતિ
ઓર્ગેનિક જમીન સુધારક અને ખાતર
પ્રગતિ પ્લસ
નાઈટ્રોજન : ૪% થી વધુ, ફોસ્ફોરસ : ૧.૫% અને પોટાશ : ૧% થી વધુ
ઓછો ખર્ચ - વધુ ઉત્પાદકતા - વધુ પ્રગતિ
ઈસેદુ એગ્રોકેમ પ્રા. લી.
(સબસીડરી ઓફ જયંત એગ્રો - ઓર્ગેનીક્સ લી.)
પ્લોટ નં. ૬૬૭, સ્ટેટ હાઈવે નં.૪૧, મુ.પો. જગાણા
તા. પાલનપુર, જિ.બનાસકાંઠા (ઉત્તર ગુજરાત)
મો : ૭૫૭૫૦૦૧૮૮૦, ૭૫૭૫૦૦૧૮૭૩
Email : pragati@ihseduagro.com Web : www.ihseduagro.com